Wednesday
18.03.2026
*Volume :10 * Issue No.250
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મૂલાકાતે નેશનલ ડિફેન્સ કોલેજ NDCના અધિકારીઓ

નેશનલ સિક્યુરિટી એન્ડ સ્ટ્રેટેજિક સ્ટડીઝ અંતર્ગત ઈકોનોમિક સિક્યુરિટી પરના અભ્યાસ કાર્યક્રમમાં ૧૨૨ અધિકારીઓ સહભાગી થઈ રહ્યા છે

ગુજરાતના સર્વગ્રાહી આર્થિક વિકાસની ગાથા જાણવામાં NDCના અધિકારીઓએ તત્પરતા દર્શાવી

- **૧૭ સભ્યોની ટીમ ગુજરાતના પ્રવાસ દરમિયાન ગિફ્ટ સિટી – સ્ટેચ્યુ ઓફ યુનિટી –ઈન્ડો-ઈઝરાયલ સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન એગ્રીકલ્ચર અને જામનગરની મૂલાકાતે**
- **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં ઉદ્યોગ – ઈન્ફ્રાસ્ટ્રક્ચર – ગ્રામીણ અને કૃષિ વિકાસ સહિતના દરેક ક્ષેત્રોમાં ગુજરાતે આર્થિક-સામજિક વિકાસનો ધ્યેય પાર પાડ્યો છે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**

કમલમ્,
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મૂલાકાત નવી દિલ્હી સ્થિત નેશનલ ડિફેન્સ કોલેજ NDCના અભ્યાસ વર્ગમાં સહભાગી થઈ રહેલા સભ્યોની ટીમે ગાંધીનગરમાં લીધી હતી. નેશનલ ડિફેન્સ કોલેજ ભારતીય સશસ્ત્ર દળોના બ્રિગેડિયર રેન્કના અધિકારીઓ, સિવિલ સર્વિસીસના જોઈન્ટ સેક્રેટરી અને ડિરેક્ટર કક્ષાના અધિકારીઓ તથા પાર્ટનર કન્ટ્રીઝના વિદેશી લશ્કરી અધિકારીઓ માટે રાષ્ટ્રીય સુરક્ષા અને વ્યુહાત્મક અભ્યાસ પર અભ્યાસક્રમ ચલાવે છે. આ વર્ષે ઈકોનોમિક સિક્યોરિટી વિષયક અભ્યાસ વર્ગની બેચમાં ભારતીય સશસ્ત્ર દળોના ૬૧, સિવીલ સર્વિસીસના ૨૦ અને પાર્ટનર ફોરેન કન્ટ્રીઝના ૪૧ મળી કુલ ૧૨૨ અધિકારીઓનો સમાવેશ થયેલો છે.

આ અભ્યાસ વર્ગ દરમિયાન દેશના જુદા-જુદા રાજ્યોની સ્ટડી ટુરના આયોજનના ભાગરૂપે ગુજરાત પ્રવાસે આવેલા દ્રઢઝના ૧૭ અધિકારીઓની એક ટીમ રિઅર એડમીરલ શ્રી સંદિપ સિંઘ સંધુના નેતૃત્વમાં ભારતીય સેનાની ત્રણેપાંખ ઉપરાંત ઈન્ડિયન રેવન્યુ સર્વિસીઝ, કોમ્યુનિકેશન સર્વિસીઝ તેમજ પાર્ટનર કન્ટ્રીઝના લશ્કરી અધિકારીઓ મંગળવારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને મળ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની આ મૂલાકાતમાં દ્રઢઝના અધિકારીઓએ ગુજરાતની સર્વગ્રાહી આર્થિક વિકાસની ગાથા જાણવામાં ઉત્સુક્તા દર્શાવી હતી. ખાસ કરીને વિમન એમ્પાવરમેન્ટ, બેલેન્સ્ડ ઈકોનોમિક ગ્રોથ અને તીવ્ર ગતિએ થઈ રહેલા વિકાસ અંગેની જાણકારી મેળવવા તેમણે મુખ્યમંત્રીશ્રી સાથે રસપ્રદ વાર્તાલાપ ક્ર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં કહ્યુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં ગુજરાતે પોલીસી ડ્રિવન સ્ટેટ તરીકેની ખ્યાતી મેળવી છે અને વિકાસનું રોલ મોડલ બન્યું છે. વાયબ્રન્ટ સમિટ દ્વારા ગુજરાત વિશ્વના ઉદ્યોગ રોકાણકારો માટે પ્રથમ પસંદ બન્યુ છે. ઔદ્યોગિક વિકાસ સાથે ગ્રીન ગ્રોથ અને બેલેન્સ્ડ રિજિયોનલ ઈકોનોમિક ગ્રોથ માટે વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું પણ વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ગુજરાતે સફળતાપૂર્વક આયોજન કર્યુ છે. સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ટુરીઝમથી લોકલ ઈકોનોમીને વોકલ ફોર લોકલથી બુસ્ટ મળ્યુંછે. રાજ્યમાં ૨૪ કલાક વિજળી, રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વિશાળ કેનાલ નેટવર્ક દ્વારા નર્મદાના પાણી કચ્છ સુધી પહોંચાડીને જે સર્વાંગી વિકાસ થયો છે તેની વિસ્તૃત ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની દરેક યોજના સામાન્ય માનવીને કેન્દ્રમાં રાખીને બનાવી છે. એટલું જ નહિ, સેચ્યુરેશન એપ્રોચ અપનાવીને જેના માટે યોજના બની છે તે જરૂરતમંદ લાભાર્થી સુધી યોજનાનો લાભ પહોંચાડીને ૧૦૦ ટકા સફળતાનો ધ્યેય પણ તેમના માર્ગદર્શનમાં સિદ્ધ થઈ રહ્યો છે તેમ શ્રી ભૂપેન્દ્ર પટેલે આર્થિક સામાજિક વિકાસની વડાપ્રધાનશ્રીની પ્રતિબદ્ધતાના સંદર્ભમાં જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રી સાથે યોજાયેલી આ બેઠકમાં મુખ્યમંત્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, અધિક અગ્ર સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત વિધાનસભા ખાતે ધારાસભ્યો અને પત્રકારો માટે એલોપથી- આયુર્વેદિક- હોમિયોપેથીક મેડિકલ કેમ્પનો શુભારંભ કરાવતા વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી

બિમાર પડ્યા પછી નહીં, પરંતુ રોગના આગોતરા નિદાન માટે હેલ્થ ચેકઅપ જરૂરી: અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી

જનપ્રતિનિધિઓ અને પત્રકારોમાં સ્વાસ્થ્ય પ્રત્યે વધુ જાગૃત થાય તે માટે આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે:- આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા

કમલમ્,
રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા ગાંધીનગર એક્રેડિટેડ પ્રેસ ક્લબના સંયુક્ત ઉપક્રમે ગુજરાત વિધાનસભા ખાતે ધારાસભ્યો અને પત્રકારો માટે એલોપેથિક, આયુર્વેદિક અને હોમિયોપેથિક મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં આ કેમ્પનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ પ્રિવેન્ટિવ હેલ્થ ચેકઅપ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય સતત લોકસેવા અને અવિરત કામગીરીમાં વ્યસ્ત રહેતા ધારાસભ્યો અને પત્રકારોના સ્વાસ્થ્યની જાળવણી કરવાનો છે. સમાજમાં આ બંને વર્ગોની ભૂમિકા અત્યંત મહત્વની છે, તેથી બિમાર થયા પછી સારવાર લેવા કરતા રોગનું વહેલું નિદાન થાય તે અનિવાર્ય છે. વધુમાં વિધાનસભાના અધ્યક્ષશ્રીએ ઉમેર્યું હતું કે, પત્રકાર મિત્રો ગમેતેવી વિષમ પરિસ્થિતિ હોય તડકો, વરસાદ, ઠંડી કે કુદરતી આફતોમાં પોતાના જીવના જોખમે પણ રિપોર્ટિંગની કામગીરી બજાવતા હોય છે. ઘણીવાર તેજ ગતિએ બદલાતી ઘટનાઓ અને કામના ભારણને કારણે તેઓ પોતાના સ્વાસ્થ્ય અને નિયમિત બોડી ચેકઅપ પ્રત્યે પૂરતું ધ્યાન આપી શકતા નથી. તેવી જ રીતે, ધારાસભ્યશ્રીઓ પણ પ્રજાના પ્રશ્નો, વિધાનસભાનું કામકાજ, વિકાસકાર્યો અને સામાજિક જવાબદારીઓ વચ્ચે સતત કાર્યરત રહેતા હોય છે. આ અનિશ્ચિતતા અને સ્ટ્રેસ વચ્ચે તેમનું સ્વાસ્થ્ય જળવાય તે અત્યંત જરૂરી છે. તેના માટે આજે વિધાનસભા ખાતે એક દિવસીય મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. વિધાનસભાના અધ્યક્ષશ્રીએ આ કાર્યમાં જોડાયેલા તમામ ડોક્ટરો અને પેરા મેડિકલ સ્ટાફની કામગીરીને બિરદાવી તેમને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, જનપ્રતિનિધિઓ અને પત્રકારો સ્વાસ્થ્ય પ્રત્યે વધુ જાગૃત બને તે હેતુથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ઘણીવાર ધારાસભ્યો અને પત્રકારોની વ્યસ્ત દિનચર્યાને કારણે શરીરમાં નાની-નાની તકલીફો વકરતી હોય છે. આવા હેલ્થ કેમ્પના માધ્યમથી વહેલી તકે રોગનું નિદાન થવાથી માનસિક તણાવ પણ દૂર થાય છે. મેં અગાઉ ધારાસભ્ય તરીકે અને આજે મંત્રી તરીકે પણ આ કેમ્પનો લાભ લીધો છે. આ પ્રસંગે ગાંધીનગર પ્રેસ એક્રેડિટેડ પ્રેસ ક્લબના પ્રમુખ શ્રી કિશોર અંજારીયાએ જણાવ્યું હતું કે, છેલ્લા ૧૫ વર્ષથી અમે મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પ દ્વારા જનજાગૃતિનું કાર્ય કરીએ છીએ. આ ઉપરાંત, આગામી સમયમાં પણ અમે આવા લોકજાગૃતિના કાર્યો કરતા રહીશું. આ મેડિકલ કેમ્પમાં બ્લડ રિપોર્ટ, યુરીન રિપોર્ટ, ઈસીજી જેવા વિવિધ ટેસ્ટ કરવામાં આવશે. તેમજ સ્પેશિયાલિસ્ટ અને સુપર સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરો દ્વારા રિપોર્ટ કરાશે. જો કોઈને વધારાના ટેસ્ટની આવશ્યકતા જણાશે તો તે માટે જીઈજી, મેડિકલ કોલેજ ગાંધીનગર ખાતે રિફર કરવામાં આવશે. તદ્ઉપરાંત યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ માંથી હૃદયરોગના નિષ્ણાંત, ધી ગુજરાત કેન્સર અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ માંથી કેન્સરરોગના નિષ્ણાંત અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડીસીસીઝ અને રિસર્ચ સેન્ટરમાંથી કીડની રોગના નિષ્ણાંત જરૂરી સાધનસામગ્રી અને સ્ટાફ સાથે હાજર છે. આ કેમ્પમાં ઓપ્થલમોલોજી, ઈએનટી, સ્કીન, ઓર્થોપેડિક, ગાયનેક, ડેન્ટલ, મેડિસિન, સર્જરી જેવા વિવિધ વિભાગોના નિષ્ણાંત ડૉક્ટરશ્રીઓ અને તેમની ટીમ સાધનસામગ્રી, દવાઓ અને લોજિસ્ટિક સાથે GMERS, ગાંધીનગરમાંથી ઉપસ્થિત છે. આ ઉપરાંત લેબોરેટરીની તમામ સાધનસામગ્રી તથા વધુમાં વધુ ટેસ્ટ થઈ શકે તે પ્રકારની સુવિધા સ્થળ ઉપર જ થાય તે માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલ, ઈડરના ધારાસભ્ય શ્રી રમણભાઈ વોરા તથા જૂનાગઢ વિધાનસભાના ધારાસભ્ય શ્રી સંજય કોરડીયા સહિત વિવિધ વિસ્તારના ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, વિધાનસભાના સંયુક્ત સચિવ શ્રી રીટા મહેતા, અન્ય અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં પત્રકારો ઉપસ્થિત રહ્યા હતાં.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલને રાજ્યમાં સમાન નાગરીક સંહિતાનો ડ્રાફ્ટ અહેવાલ સોંપવામા આવ્યો

સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં બનેલી સમિતિએ ઝીણવટ ભર્યા અભ્યાસ અને જિલ્લાઓની મુલાકાત તથા જનસંપર્ક બાદ ચર્ચા-વિચારણાને આધારે તૈયાર કરેલો અહેવાલ રાજ્ય સરકારને સોંપ્યો

કમલમ્,
ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા (UCC)ના અમલીકરણ માટે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિએ પોતાનો વિસ્તૃત અને આખરી અહેવાલ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલને મંગળવારે ગાંધીનગરમાં સોંપ્યો હતો. આ અહેવાલ સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં બનેલી આ સમિતિએ ઝીણવટ ભર્યા અભ્યાસ અને રાજ્યના જિલ્લાઓની મુલાકાત લઈને લોક અભિપ્રાયો મેળવીને તથા ઘનિષ્ઠ જનસંપર્ક બાદ ચર્ચા-વિચારણાને આધારે તૈયાર કરેલો અહેવાલ રાજ્ય સરકારને સોંપ્યો હતો. સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈ ના અધ્યક્ષ સ્થાને રચવામાં આવેલી આ સમિતિમાં નિવૃત્ત વરિષ્ઠ આઈએએસ શ્રી સી.એલ. મીણા, વરિષ્ઠ એડવોકેટ શ્રી આર.સી. કોડેકર, ભૂતપૂર્વ કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર શ્રીમતી ગીતા શ્રોફનો સમાવેશ થયેલો છે. મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ અહેવાલ અર્પણ કરતાં જે પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું તેમાં જણાવાયું હતુ કે લગ્ન, છૂટાછેડા, વારસાગત મિલકત અને દત્તક લેવા જેવા મુદ્દાઓ પર તમામ ધર્મો અને સમુદાયો માટે સમાન કાયદાકીય માળખુંઆ ડ્રાફ્ટ અહેવાલમાં સમિતિ દ્વારા સૂચવવામાં આવ્યુંછે. વિશેષ કરીને મહિલાઓના સમાન અધિકારો અને સુરક્ષાને આ ડ્રાફ્ટમાં પ્રાથમિક્તા આપવામાં આવી છે. એટલુ જ નહી ગુજરાતની ભૌગોલિક અને સાંસ્કૃતિક વિવિધતાને પણ અહેવાલમાં ધ્યાનમાં રાખવામાંઆવી છે. ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા (UCC)ના અમલીકરણ માટે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિના અધ્યક્ષ સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈ એ મુખ્યમંત્રીશ્રીને આ અહેવાલના ત્રણ વોલ્યુમ સોંપ્યા તે વેળાએ સમિતિના સલાહકાર નિવૃત્ત વરિષ્ઠ આઈએએસ અને ઉત્તરાખંડના પુર્વમુખ્ય સચિવશ્રી શત્રુઘ્નસિંઘ તથા સમિતિના સભ્યો, મુખ્ય સચિવશ્રી એમ.કે.દાસ, મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી સંજીવ કુમાર, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી ડો. વિક્રાંત પાંડે, વૈધાનિક બાબતોના સચિવશ્રી કે એન લાલા, કાયદા સચિવશ્રી ઉપેન્દ્ર ભટ્ટ અને સંબંધીત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પારદર્શક ખનીજ નીતિ અને ક્રાંતિકારી સુધારાઓ દ્વારા રાજ્યના વિકાસને નવી ગતિ મળશે: મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

નાના ખેડૂતો અને જમીન માલિકો માટે વહીવટી પ્રક્રિયા સરળ બનાવવા 'ડાયરેક્ટ એલોટમેન્ટ' એટલે કે સીધી ફાળવણીની વ્યવસ્થા ઊભી કરાઈ

કમલમ્,
રાજ્યસરકાર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતની 'રત્નગર્ભા' ભૂમિના ખનીજ સ્ત્રોતોનું પારદર્શક અને વૈજ્ઞાનિક ઢબે સંચાલન કરવામાં આવે છે તેમ, વિધાનસભા ગૃહ ખાતે ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળના ખાણ અને ખનીજ પ્રભાગની અંદાજપત્રીય માંગણીઓ પર મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું. મંત્રી શ્રી પટેલે જણાવ્યું હતું કે, ખનિજ ખરીદીમાં પારદર્શિતા લાવવા માટે વર્ષ ૨૦૧૪ પહેલાંના ભ્રષ્ટાચારયુક્ત 'વહેલા તે પહેલા'ના ધોરણને સ્થાને વર્તમાન સરકારે 'મિનરલ ઓક્શન રૂલ્સ-૨૦૧૫' અને 'ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો-૨૦૧૭' દ્વારા ઈ-હરાજીની પદ્ધતિ અમલમાં મૂકી છે. અત્યાર સુધીમાં ગૌણ ખનીજના કુલ ૨૬૨૨ બ્લોક્સ અને મુખ્ય ખનીજના ૫૭ બ્લોક્સની સફળતાપૂર્વક હરાજી કરવામાં આવી છે. હરાજી પ્રક્રિયાથી રાજ્ય સરકારને અત્યાર સુધીમાં રૂ. ૬૬.૮૪ કરોડની આવક થઈ છે. આગામી ૩૦ વર્ષમાં રોયલ્ટી પેટે રૂ. ૪૭૦૪.૪૭ કરોડ અને ઓક્શન પ્રીમિયમ પેટે રૂ. ૧૦,૦૮૮.૪૩ કરોડની આવક થવાનો અંદાજ છે તેમ મંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું. મંત્રી શ્રી ઋષિકેશભાઈએ કહ્યું હતું કે, નાના ખેડૂતો અને જમીન માલિકો માટે વહીવટી પ્રક્રિયા વધુ સરળ બનાવવા ૧૨ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ કરવામાં આવેલા સુધારાથી 'ડાયરેક્ટ એલોટમેન્ટ' એટલે કે સીધી ફાળવણીની વ્યવસ્થા ઊભી કરાઈ છે. ખાનગી જમીન માલિકો હવે ઈ-હરાજી વગર ૪ હેક્ટરની મર્યાદામાં સીધી અરજી દ્વારા ક્વોરી લીઝ મેળવી શકે છે. આ અંતર્ગત મળેલી ૧૦૨૪ અરજીઓમાંથી ૭૩૮ અરજીઓને પૂર્વ મંજૂરી આપી દેવામાં આવી છે, જે 'ઈઝ ઓફ લિવિંગ'નું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આગામી વર્ષની નવી બાબતો વિશે જણાવતાં મંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્યના ખનીજ ક્ષેત્રને આધુનિક અને આત્મનિર્ભર બનાવવા માટે અનેક નવીન પ્રયાસો કરવામાં આવશે. ક્રિટિકલ મિનરલ્સ અને REE સંશોધન માટે ક્લીન એનર્જી અને હાઈ-ટેક સેક્ટર માટે અનિવાર્ય એવા રેર અર્થ એલિમેન્ટ્સ (REE) માટે છોટાઉદેપુરના અંબાડુંગર, દાહોદ અને પંચમહાલમાં ઘનિષ્ઠ સંશોધન શરૂ કરાયું છે. મંત્રી શ્રી ઉમેર્યું હતું કે, વલસાડ અને નવસારી જિલ્લામાં વેનેડિયમ અને ટાઈટેનિયમ માટે નવા ખનીજોના સંશોધનનું કાર્ય પ્રગતિમાં છે. ગાંધીનગર ખાતે શારકામ દરમિયાન પ્રાપ્ત થતા ખનિજ નમૂનાઓની સાચવણી માટે અત્યાધુનિક કોર લાઈબ્રેરીનું નિર્માણ થઈ રહ્યું છે. REEના પૃથ્થકરણ માટે એક ખાસ ડેડિકેટેડ લેબોરેટરી સ્થાપવાની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે. મંત્રી શ્રી પટેલે જણાવ્યુંહતું કે, આગામી ૫ વર્ષમાં ૮ મહત્વપૂર્ણ ખનિજો માટે ૧૮૯ નવા બ્લોક્સ તૈયાર કરવામાં આવ્યા છે. ગીર સોમનાથ, દ્વારકા, જામનગર અને કચ્છમાં બોક્સાઈટ, લાઈમસ્ટોન અને લીથીયમ સંશોધન માટે રૂ. ૨૨.૫૩ કરોડ મંજૂર કરાયા છે. ગુજરાત મિનરલ એક્સપ્લોરેશન ટ્રસ્ટમાં ફેબ્રુઆરી-૨૦૨૬ સુધીમાં રૂ.૧૨.૭૮ કરોડની વસૂલાત થઈ છે, જેનો ઉપયોગ નવા ખનીજોની શોધ માટે થશે. મધ્ય ગુજરાતમાં ખનિજચોરી રોકવા વડોદરા ખાતે નવી ફ્લાઈંગ સ્ક્વોર્ડ કચેરી શરૂ કરવામાં આવશે. રાજ્ય સરકાર ખનિજ ચોરી સામે 'ઝીરો ટોલરન્સ' નીતિ અપનાવી રહી છે તેમ જણાવતા મંત્રીશ્રીએ ક્હ્યું કે ખનિજ માફિયાઓ સામે કડક કાર્યવાહી માટે સરકારે દંડ અને શિક્ષાની જોગવાઈઓમાં ધરખમ વધારો કર્યો છે. ગેરકાયદે વહન માટેનો દંડ રૂ. ૨૫૦૦ થી વધારીને રૂ. ૫૦૦૦ પ્રતિ મેટ્રિક ટન કરવામાં આવ્યો છે. વાહનના પ્રકાર મુજબ રૂ. ૨૫,૦૦૦ થી ૨,૦૦,૦૦૦ સુધીની 'કમ્પાઉન્ડિંગ ફી' દાખલ કરાઈ છે. મંત્રીશ્રીએ કહ્યું કે જીઓમાઈન એપ દ્વારા અત્યાર સુધીમાં ૮,૪૦૬ કેસો નોંધી રૂ. ૧૦૭.૮૯ કરોડની વસૂલાત કરવામાં આવી છે. ૧.૦૪ લાખથી વધુ વાહનોને GPS ટ્રેકિંગ સાથે જોડી ૨૪ કલાક મોનિટરિંગ કરવામાં આવે છે. ગંભીર અનિયમિતતા ધરાવતા જપ્ત વાહનો પર ૩૦ દિવસ સુધી કોઈ જ દંડકીય નિર્ણય લીધા વિના સીધા જ જપ્ત રાખવામાં આવશે. રાજ્ય સરકારના કડક અને પારદર્શક અભિગમને પરિણામે ખનિજ ચોરીની વસૂલાત વર્ષ ૨૦૦૩-૦૪ના ૧.૭૧ કરોડથી વધીને વર્ષ ૨૦૨૬માં રૂ. ૨૫૨.૦૯ કરોડ સુધી પહોંચી છે તેમ, મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યુંહતું. 'વિકસિત ગુજરાત @ 2047'ના લક્ષ્ય સાથે ખાણ ખનીજ વિભાગની રૂ. ૩૬૬.૮૯ કરોડની માંગણીઓને વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવી હતી.

તંત્રી સ્થાનેથી......

ભારત સરકારદ્વારા રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ માટેઘઉંની ખરીદી માટેલઘુતમ ટેકાના ભાવ રૂ.૨,૫૮૫/-પ્રતિ ક્વી. જાહેર કરવામાં આવેલ છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોનેતેઓના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહેતે માટે રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત લઘુતમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લિ.. મારફત કરવામાં આવનાર છે. લઘુતમ ટેકાના ભાવે ઘઉંના વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડુતોની ઓનલાઈન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ VCE મારફત ૦૧ ફેબ્રુઆરી થી ૦૧ માર્ચ ૨૦૨૬ સુધીની હતી. જેની મુદત વધારીનેતા.૧૩ માર્ચ થી તા.૨૭ માર્ચ ૨૦૨૬ કરવામાં આવેલ છે. તેમજ ઘઉંની ખરીદી તા.૧૫ મે ૨૦૨૬ સુધી કરવામાં આવશે. જેથી નોંધણી કરાવવા તમામ ખેડૂત મિત્રોને અપીલ કરવામાં આવે છે.ખેડૂત ખાતેદારોના બાયોમેટ્રીક્સ ઓથેન્ટીકેશન દ્વારા નોંધણી કરવામાં આવશે. નોંધણી માટેજરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમુનો ૭/૧૨ કે ૮/અ તેમજ પાક્ની વાવણી અંગેની એન્ટ્રી ૭/૧૨ કે ૮/ખ માં ન થઈ હોય તો તલાટીના સહી સિક્કાવાળો દાખલો, ખેડુતના નામના બેંક ખાતાની વિગત જેમ કે બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે. રાજ્યના ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તો તેઓની ઓનલાઈન નોંધણી ફરજીયાત હોઈ આ માટે સંબંધિત ગ્રામ પંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવાની રહેશે. ટેકાના ભાવે ખરીદી માટે રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને SMS મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂત પોતાનું આધારકાર્ડ/ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદારના બાયોમેટ્રિક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદ કરવામાં આવશે. ડોક્યુમેન્ટની ચકાસણી દરમ્યાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તો ખેડૂતોનો ક્લેમ રદ થશે અને ખરીદી માટે જાણ કરવામાં આવશે નહિ. નોંધણી બાબતે કોઈ મુશ્કેલી જણાય તો હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧૭૧૭૧૮ તથા ૮૫૧૧૧૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

કમલમ્,

નર્મદા જિલ્લામાં વિકાસને ગતિ આપવા તથા સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે દેવલિયા જિલ્લા પંચાયત વિસ્તારના ઉચાદ ગામે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા પ્રભારી અર્જુનભાઈ ચૌધરી અને જિલ્લા ભાજપ પ્રમુખ નીલભાઈ રાવની વિશેષ ઉપસ્થિતિ નોંધાઈ હતી. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ ભીમસિંગભાઈ તડવી તેમજ આગેવાન વલ્લભભાઈ જોશી સહિત જિલ્લા સંગઠનના હોદ્દેદારો, તિલકવાડા મંડળના પ્રમુખ અને મહામંત્રીઓ, વિવિધ મોરચાના પ્રમુખો, શક્તિકેન્દ્ર સંયોજકો, બૂથ પ્રમુખો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આગેવાનો દ્વારા સંગઠનને વધુ સશક્ત બનાવવા અને સરકારના વિકાસ કાર્યોને અંતિમ છોર સુધી પહોંચાડવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યકર્તાઓને આગામી સમયમાં વધુ સક્રિય રહીને જનસંપર્ક વધારવા તથા સરકારની યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચાડવા અનુરોધ કરવામાં આવ્યો હતો. બેઠક અંતે કાર્યકર્તાઓએ 'છેવાડા સુધી વિકાસ'ના સંકલ્પ સાથે સંગઠનને વધુ મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (CCI) એ કોમ્પિટિશન લો (સ્પર્ધા કાયદા)ના અર્થશાસ્ત્ર પર રાષ્ટ્રીય પરિષદની ૧૧મી આવૃત્તિનું આયોજન કર્યું

કમલમ્,

કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (CCI) એ નવી દિલ્હીમાં કોમ્પિટિશન લૉ (સ્પર્ધા કાયદા) ના અર્થશાસ્ત્ર પર ૧૧મી રાષ્ટ્રીય પરિષદનું આયોજન કર્યું હતું. શ્રી રાજીવ ગૌબા, સભ્ય, નીતિ આયોગ આ પરિષદમાં મુખ્ય વક્તા હતા, જ્યારે શ્રીમતી રવનીત કૌર, અધ્યક્ષ, CCI એ પરિષદના ઉદ્ઘાટન સત્રમાં વિશેષ સંબોધન કર્યું હતું. આ પરિષદ, જે સ્પર્ધા કાયદાના અર્થશાસ્ત્રના ક્ષેત્રમાં કામ કરતા વિદ્વાનો, પ્રેક્ટિશનરો અને નિષ્ણાતોને એકસાથે લાવે છે, તે ૨૦૧૬ થી દર વર્ષે CCI દ્વારા આયોજિત કરવામાં આવે છે. શ્રી રાજીવ ગૌબા, માનનીય સભ્ય, નીતિ આયોગે, તેમના મુખ્ય વ્યાખ્યાનમાં સ્પર્ધાને માનવ પ્રગતિના સૌથી શક્તિશાળી એન્જિનમાંના એક તરીકે ગણાવી હતી. તેમણે કહ્યું કે મજબૂત નીતિ અને દેખરેખ વિના તેમના પોતાના સાધનો પર છોડી દેવામાં આવે તો, બજારો એકાગ્રતા, સાંઠગાંઠ અને બાકાત રાખવાનું કારણ બની શકે છે. તેમણે ઉમેર્યું હતું કે સારી રીતે તૈયાર કરાયેલા સ્પર્ધા કાયદાઓ બજારોનું નૈતિક માળખું બનાવે છે. તેમણે નોંધ્યું હતું કે ભારત જેવી ઉભરતી અર્થવ્યવસ્થામાં, સ્પર્ધા કાયદો અને નિયમો અનેક વિકાસ અને શાસન લક્ષ્યો પૂરા કરે છે, જેમાં સ્થાપિત એકાધિકાર (monopolies) ને અટકાવીને, નાના વ્યવસાયો માટે ખુલ્લા પ્રવેશ અને તકોને પ્રોત્સાહન આપીને અને અર્થતંત્રને વૈશ્વિક મૂલ્ય સાંકળોમાં સંકલિત કરવામાં મદદ કરીને. સ્વતંત્રતા પછીના દાયકાઓમાં ભારતીય અર્થતંત્રે જે માળખાકીય પરિવર્તનમાંથી પસાર થયું છે તેના સંદર્ભમાં ભારતમાં સ્પર્ધાના દાખલાના ઉત્ક્રાંતિને ટ્રેસ કરતા, તેમણે સ્પર્ધાના જોખમભર્યા દબાણોનો લાભ લેવા માટે, ક્રિયાઓ અને સહનશીલતા (forbearance) દ્વારા શ્રેષ્ઠ નિયમન ના મહત્વ પર ભાર મૂક્યો હતો. વડાપ્રધાનના 'વિકસિત ભારત ૨૦૪૭' ના વિઝનનો ઉલ્લેખ કરતા, તેમણે કહ્યું કે તેનો અર્થ એ થશે કે બજારો ઘરેલું અને વૈશ્વિક બંને સ્તરે ખરેખર સ્પર્ધાત્મક છે તેની ખાતરી કરવી. આ સંદર્ભમાં, તેમણે સારી રીતે કાર્યરત બજારો માટે ચાર સંસ્થાકીય સ્તંભો પર પ્રકાશ પાડ્યો, એટલે કે: કોન્ટેસ્ટેબિલિટી (contestability) - કંપનીઓ પ્રતિબંધિત નિયમનકારી અથવા વ્યવહારુ અવરોધો વિના પ્રવેશવા અને બહાર નીકળવા સક્ષમ હોવી જોઈએ; માહિતી સપ્રમાણતા (information symmary) - ખરીદદારો, વિક્રેતાઓ અને નિયમનકારોને વિશ્વસનીય બજાર ડેટાની સમયસર એક્સેસ હોવી જોઈએ જેથી પસંદગીઓ અર્થપૂર્ણ હોય અને બજારો ગ્રહણશીલ હોય; ભૌતિક, ડિજિટલ અને નાણાકીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની બિન-ભેદભાવપૂર્ણ એક્સેસ; અને સ્વતંત્ર અને અનુમાનિત વિવાદ નિરાકરણ અને અમલીકરણ સંસ્થાઓ. બજારની ગતિશીલતામાં માળખાકીય વિરામ તરીકે ડિજિટલ અર્થતંત્રના ઉદયનો ઉલ્લેખ કરતા અને ડિજિટલ અર્થતંત્રની વિશેષતાઓને જોતા જે 'વિનર-ટેક્સ-મોસ્ટ' (winne®-akes-most) પરિસ્થિતિઓ બનાવે છે, તેમણે સમર્પિત 'ડિજિટલ માર્કેટ્સ ડિવિઝન' સ્થાપવા બદલ કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયાની પ્રશંસા કરી હતી. શ્રી ગૌબાએ જણાવ્યું હતું કે ભારત તેની નિયમનકારી સ્થિતિને વૈશ્વિક સમકક્ષો સાથે સંરેખિત કરી રહ્યું છે, જેનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે ડિજિટલ હાઈવે બધા માટે ખુલ્લો રહે, ફક્ત તે થોડા લોકો માટે નહીં જેમણે રસ્તો બનાવ્યો છે. AI ના નવા સીમાડાના ઉદભવ સાથે, તેમણે AI દ્વારા ઉભા થતા નવતર જોખમોને સંબોધવા માટે આપણા સ્પર્ધાના ટૂલકિટને વિકસિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. "આપણે ઈકોસિસ્ટમ એન્ટ્રેન્ચમેન્ટ (ecosystem entrenchment) સામે રક્ષણ આપવું જોઈએ અને ડેટા પોર્ટેબિલિટી અને ઈન્ટરઓપરેબિલિટી સુનિશ્ચિત કરવી જોઈએ," તેમણે ઉમેર્યું.

શ્રીમતી રવનીત કૌર, અધ્યક્ષ, CCI એ, તેમના વિશેષ સંબોધનમાં, પ્રકાશ પાડ્યો હતો કે કોમ્પિટિશન એક્ટ (સ્પર્ધા અધિનિયમ) એક આંતરશાખાકીય અધિનિયમ છે જેમાં આર્થિક સિદ્ધાંતો જડિત છે. તેથી અર્થશાસ્ત્ર કમિશનના કામના કેન્દ્રમાં મૂકવામાં આવ્યું છે અને ક્રમિક રીતે વિશ્લેષણ અને નિર્ણયો સ્પર્ધા પર કાર્યપણ સંભવિત નોંધપાત્ર પ્રતિકૂળ અસરો સ્થાપિત કરવા માટે સખત આર્થિક વિશ્લેષણ પર આધારિત છે. ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે સ્પર્ધા અને વ્યવસાયિક સફળતા યોગ્યતા પર આધારિત હોય, ન કે બાકાત રાખનારા, શોષણકારી અથવા સ્પર્ધા વિરોધી આચરણ પર. અધ્યક્ષ, CCI એ પ્રકાશ પાડ્યો કે છેલ્લા એક વર્ષ દરમિયાન, CCI એ કોમ્પિટિશન એક્ટ, ૨૦૨૩ ના સુધારાને કાર્યરત કરવા માટે તમામ નિયમો સૂચિત અને અમલમાં મૂક્યા છે. તેમણે કહ્યું કે, ૨૦૨૫ માં, પ્રિડેટરી પ્રાઈસિંગ (predatory pricing) ના નિર્ધારણ પર એક સુસંગત અને પારદર્શક માળખું પૂરું પાડવાના ઉદ્દેશ્ય સાથે ઉત્પાદન ખર્ચ પર સુધારેલ નિયમન લાવવામાં આવ્યું હતું. ૨૦૨૫ માં CCI દ્વારા પ્રોસેસ કરાયેલ Android Smart TV ઈકોસિસ્ટમમાં પ્રથમ સેટલમેન્ટ દરખાસ્તનો ઉલ્લેખ કરતા, તેમણે પ્રકાશ પાડ્યો કે સેટલમેન્ટ મિકેનિઝમ વધુ મુકદ્દમા માટે પ્રકરણબંધ કરતી વખતે ઝડપી બજાર સુધારણા લાગુ કરવાની મંજૂરી આપે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે કમિશને છેલ્લા એક વર્ષ દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં એન્ટિટ્રસ્ટ બાબતો સાથે વ્યવહાર કર્યો છે, જેમાં સંરક્ષણ પ્રાપ્તિ (defence procurement), દારૂ અને ઘન કચરા વ્યવસ્થાપન જેવાં ક્ષેત્રોમાં કાર્ટેલાઈઝેશન અને બિડ રિગિંગના કેસોનો સમાવેશ થાય છે. છેલ્લા એક વર્ષ દરમિયાન, હાથ ધરવામાં આવેલી માહિતી અને તપાસના આધારે, અનેક ક્ષેત્રોમાં બાબતોનો નિર્ણય લેવામાં આવ્યો હતો, જેના પરિણામે 'સીઝ એન્ડ ડિસિસ્ટ' (cease and desist) ઓર્ડર, દંડ અને અન્ય યોગ્ય ઉપાયો લેવામાં આવ્યા હતા. કોમ્બિનેશનના મોરચે, કમિશને ૯૯% થી વધુના નિકાલ દર સાથે સક્રિય અને વ્યવસ્થિત સુસંગત અભિગમ અપનાવ્યો છે. તેમણે કહ્યું કે આ અભિગમ સકારાત્મક અને ઉકેલ લક્ષી રહ્યો છે, તેમણે ઉમેર્યું. AI અને સ્પર્ધા પર ઓક્ટોબર ૨૦૨૫ માં પૂર્ણ થયેલા CCI માર્કેટ અભ્યાસનો ઉલ્લેખ કરતા, અધ્યક્ષ CCI એ કહ્યું કે AI ના પ્રચંડ ફાયદા છે, જેમાં કાર્યક્ષમતામાં વધારો, MSMEs માટે વધુ બજાર પહોંચ સામેલ છે, પરંતુ સંભવિત સ્પર્ધા વિરોધી પગલાં પર પણ નજર રાખવાની જરૂર છે. તેમણે જણાવ્યું કે CCI એ એક માર્ગદર્શિકા નોંધ બહાર પાડી છે જે હિતધારકો, બોર્ડ, મેનેજમેન્ટ અને સંસ્થાઓમાં નિર્ણય લેનારાઓ માટે સ્વ-ઓડિટ મિકેનિઝમ પૂરું પાડે છે કે તેઓ કેવી રીતે સુનિશ્ચિત કરી શકે કે AI એપ્લિકેશનના વિકાસ, જમાવટ, દેખરેખના તબક્કે, કોઈ છુપાયેલા સ્પર્ધા વિરોધી પરિણામો નથી જે બની રહ્યા હોઈ શકે. શ્રી દીપક અનુરાગ, સભ્ય, CCI એ સ્વાગત પ્રવચન આપ્યું હતું અને શ્રી અનિલ અગ્રવાલ, સભ્ય, CCI એ ઉદ્ઘાટન સત્ર દરમિયાન આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો. પરિષદમાં, ઉદ્ઘાટન સત્ર ઉપરાંત, 'કોમ્પિટિશન એન્ડ ફર્મ કન્ડક્ટ: એવિડન્સ એન્ડ પોલિસી ઈમ્પ્લિકેશન્સ' અને 'ઓનરશિપ, માર્કેટ પાવર, એન્ડ કન્ઝ્યુમર વેલફેર' પર બે ટેકનિકલ સત્રોનો સમાવેશ થતો હતો, જ્યાં સંશોધકોએ સ્પર્ધા કાયદાના અર્થશાસ્ત્ર પર પેપર રજૂ કર્યા હતા, પ્રથમ સત્રની અધ્યક્ષતા ડૉ. સમર્ષિ મુખર્જી, પ્રોફેસર, હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સ, દિલ્હીએ કરી હતી. ડૉ. બિશ્વજીત ધર, ઉપપ્રમુખ, કાઉન્સિલ ફોર સોશિયલ ડેવલપમેન્ટે બીજા સત્રની અધ્યક્ષતા કરી હતી. રાષ્ટ્રીય પરિષદનું સમાપન 'કોમ્પિટિશન એન્ડ AI: ટેકનિકલ ડેવલપમેન્ટ્સ, રેગ્યુલેટરી એક્સપિરિયન્સ, એન્ડ બિઝનેસ ઈમ્પેક્ટ' પર પ્લેનરી સત્ર સાથે થયું હતું, જેની અધ્યક્ષતા સુશ્રી શ્વેતા કાકડ, સભ્ય, CCI દ્વારા કરવામાં આવી હતી અને સુશ્રી શ્વેતા રાજપાલ કોહલી, પ્રમુખ અને CEO, સ્ટાર્ટઅપ પોલિસી ફોરમ દ્વારા સંચાલિત કરવામાં આવી હતી.

GMERS જનરલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે NABL ઈન્ટરનલ ઓડિટ તાલીમ કાર્યક્રમ સંપન્ન

કમલમ્,

GMERS જનરલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે તારીખ ૧૬, ૧૭ અને ૧૮ માર્ચ ૨૦૨૬ દરમિયાન લેબોરેટરી સેવાની ગુણવત્તા સુધારવા માટે ત્રણ દિવસીય 'NABL Internal Audit Training Program' નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ ખાસ કરીને ISO 15189:2022 અને NABL 112 ના આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ યોજવામાં આવી હતી. આ કાર્યક્રમમાં હોસ્પિટલના લેબ ટેકનિશિયનો, લેબ ફેકલ્ટી સભ્યો તથા રેસિડન્ટ ડોક્ટરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તાલીમ આપવા માટે NABL ના ત્રણ National Assessors ને ખાસ આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેમની સાથે હોસ્પિટલના જ બે કાર્યરત નેશનલ એસેસર્સ પણ જોડાયા હતા. આમ, કુલ પાંચ નિષ્ણાતો દ્વારા સંયુક્ત રીતે તલસ્પર્શી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ત્રણ દિવસ દરમિયાન આંતરિક ઓડિટ પ્રક્રિયા, ગુણવત્તા નિયંત્રણ, ચોક્કસ દસ્તાવેજીકરણ અને આધુનિક લેબ મેનેજમેન્ટ જેવા મહત્વના પાસાઓ પર વિગતવાર તાલીમ આપવામાં આવી હતી. NABL (National Accreditation Board for Testing and Calibration Laboratories) એ ભારત સરકારની સ્વાયત્ત સંસ્થા છે. NABL માન્યતા મળવાથી લેબોરેટરી દ્વારા કરવામાં આવતા પરીક્ષણો અને તેના પરિણામો આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત બને છે. આ માન્યતા લેબોરેટરીની વિશ્વસનીયતા અને પારદર્શિતામાં નોંધપાત્ર વધારો કરે છે, જેનાથી દર્દીઓને મળતા રિપોર્ટ્સ સચોટ અને પ્રમાણભૂત રહે છે. આ તાલીમ કાર્યક્રમની સફળતા બાદ, GMERS જનરલ હોસ્પિટલ હવે પોતાની લેબોરેટરી સેવાઓને વધુ સુદ્રઢ બનાવીને ટૂંક સમયમાં NABL Accreditation માટે સત્તાવાર અરજી કરશે. આ પગલાથી હોસ્પિટલની પ્રતિષ્ઠા વધશે અને ગાંધીનગરની જનતાને ઉચ્ચ ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓનો લાભ મળશે.

ભરૂચ જિલ્લા પ્રમુખ શ્રી મહેન્દ્રસિંહ વાંસદીયા અને અન્ય મહાનુભાવોના હસ્તે મોબાઈલ મેડિકલ યુનિટનું લોકાર્પણ કરાયું

કમલમ્,

ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણબોર્ડ, ભરૂચ અને ઈએમઆરઆઈ ગ્રીનહેલ્થ સર્વિસ માટે નવા ૦૧ ધનવંતરી આરોગ્ય રથ તથા ગુજરાત લેબર વેલફેર બોર્ડના ૦૧ નવા મોબાઈલ મેડિકલ યુનિટનું લોકાર્પણ જિલ્લા પ્રમુખ શ્રી મહેન્દ્રસિંહ વાંસદીયા અને અન્ય મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. ભરૂચ જિલ્લાના ધન્વંતરિ આરોગ્ય રથ બાંધકામ સાઈટ અને કડિયાનાકા પર બાંધકામ શ્રમિકોને નિશુલ્ક દવા જેવા કે તાવ, સર્દી, ખાંસી, સગર્ભાબેનની તપાસ જનરલ ચેકઅપ લેબોરેટરી લોહીના ટેસ્ટ નિશુલ્ક કરી આપવામાં આવે છે. ભરૂચ જિલ્લામાં ૦૮ ધનવંતરી રથ કાર્યરત હતા. આજે નવા રથને લીલીઝંડી આપવામાં આવી હતી. આ રથ ભરૂચ જિલ્લાના બાંધકામ શ્રમિકો અને કડિયાનાકા ઉપર આરોગ્યની સુવિધા પૂરી પાડે છે. આ

તકે, જિલ્લા પંચાયતનાં ઉપપ્રમુખ શ્રી આરતીબેન પટેલ, કારોબારી સભ્યશ્રી ધર્મેશભાઈ મિસ્ત્રી, આરોગ્ય કમિટીનાં ચેરમેનશ્રી અનિલભાઈ વસાવા, જંબુસર તાલુકા પંચાયતનાં પ્રમુખ શ્રી નીતિનભાઈ પટેલ, તથા ભરૂચ જિલ્લામાં ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમ યોગીકલ્યાણ બોર્ડનાં નિરિક્ષકશ્રી પી. કે. પટેલ તથા પ્રોજેક્ટ મેનેજર શ્રી કીંજલબેન પટેલ હાજર રહ્યા હતા.

અમદાવાદમાં વસ્ત્રાલ ખાતે "ઉત્પાદકથી ઉપભોક્તા સુધી" થીમ હેઠળ ભવ્ય કૃષિ મેળો યોજાયો

ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા પ્રેરણા સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું

શહેરી નાગરિકો અને ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી પકવેલ ખેતપેદાશો અને તેના મૂલ્યવર્ધનને લગતા સ્ટોલ્સની મુલાકાત લીધી

કમલમ્,

ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ-અમદાવાદ દ્વારા "ઉત્પાદકથી ઉપભોક્તા સુધી" થીમ અંતર્ગત કૃષિ મેળા અને પ્રદર્શનનું સુંદર આયોજન વસ્ત્રાલમાં આવેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્લોટ ખાતે સંયુક્ત ખેતી નિયામક શ્રીમતી મીનાબહેન દવેના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. સમારંભના અધ્યક્ષ શ્રીમતી મીનાબહેન દવેએ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, રોજિંદા જીવનમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોનો ઉપયોગ કરીને પરિવારને કેવી રીતે બીમારીઓથી મુક્ત અને સ્વસ્થ રાખી શકાય. તેમણે સૌને પ્રાકૃતિક ખેતી અપનાવવા ખાસ અપીલ કરી હતી અને પ્રદર્શનના સ્ટોલ્સની વ્યક્તિગત મુલાકાત લઈ ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમની રૂપરેખા આપતા પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી કે.કે. પટેલે જણાવ્યું હતું કે, શહેરી વિસ્તારમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોની ગુણવત્તા સમજવી અને તેનો ઉપયોગ કરવો એ તંદુરસ્ત સમાજના નિર્માણ માટે અનિવાર્ય છે. તેમણે પ્રકૃતિના જતન અંગે વિશેષ ભાર મૂક્યો હતો. બાગાયત અધિકારીશ્રી દ્વારા ઉપસ્થિત સૌને બાગાયત ખાતાની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત, જિલ્લા સંયોજક શ્રી ગજેન્દ્રસિંહ વાઘેલા અને પ્રગતિશીલ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીમાં મેળવેલી સફળતા અને પોતાના પ્રત્યક્ષ અનુભવો વિશે વાત કરી અન્ય ખેડૂતોને આ દિશામાં વળવા પ્રેરણા આપી હતી. મેળામાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી પકવેલ ખેતપેદાશો અને તેના મૂલ્યવર્ધનને લગતા વિવિધ સ્ટોલ્સ ઊભા કરવામાં આવ્યા હતા, જેની મુલાકાત મોટી સંખ્યામાં શહેરી નાગરિકો અને ખેડૂત ભાઈ-બહેનોએ લીધી હતી. આ પ્રસંગે નાયબ બાગાયત નિયામક શ્રીમતી હિરલબહેન પંડ્યા, બાગાયત અધિકારી શ્રીમતી રિદ્ધિબહેન વસરા તથા વસ્ત્રાલ વોર્ડના કોર્પોરેટર સર્વ શ્રી પરેશભાઈ પટેલ, અનિરુદ્ધસિંહ ઝાલા, ગીતાબહેન પ્રજાપતિ અને મહાદેવભાઈ સહિત આત્મા અને બાગાયત વિભાગનો સ્ટાફ બહોળી સંખ્યામાં હાજર રહ્યો હતો.

GTU ખાતે આરોગ્ય પ્રબંધમ ૨૦૨૬ સંપન્ન; હેલ્થકેર ક્ષેત્રે AI અને ટેકનોલોજીના પ્રભાવ પર નિષ્ણાતોનું મંથન

તબીબી ક્ષેત્રે વ્યક્તિગત બુદ્ધિમત્તા અને AI તથા ટેકનોલોજીનો સમન્વય હિતાવહ

કમલમ્,અમદાવાદ

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU) સંચાલિત સ્કૂલ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ દ્વારા તાજેતરમાં "આરોગ્ય પ્રબંધમ ૨૦૨૬" નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના વિશેષ અવસરે આયોજિત આ કોક્લેવનો મુખ્ય ઉદ્દેશ્ય તબીબી ક્ષેત્રે મહિલાઓની ભાગીદારી વધારવા સાથે આરોગ્ય ક્ષેત્રના સંચાલનમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને આધુનિક ટેકનોલોજીના ઉપયોગ પર પ્રકાશ પાડવાનો હતો. કાર્યક્રમના પ્રારંભે યુનિવર્સિટીના પ્રથમ મહિલા કુલપતિ ડૉ.રાજુલ કે.ગજ્જરે જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં હેં અને ટેકનોલોજીએ વિવિધ વિદ્યાશાખાઓમાં ક્રાંતિ લાવી છે. તેમણે આરોગ્ય ક્ષેત્રની ગતિવિધિઓને વધુ ઝડપી અને સચોટ બનાવવા માટે નવીન સંશોધનો અને મજબૂત નેતૃત્વના વિકાસ પર વિશેષ ભાર મૂક્યો હતો. કાર્યક્રમના મુખ્ય અતિથિ અને ગુજરાત સરકારના આરોગ્ય વિભાગના અધિકારી ડૉ.એ.એમ. કાદરીએ જણાવ્યું કે, સુધારેલી સંચાલન પદ્ધતિઓથી આરોગ્ય ક્ષેત્રની કાર્યક્ષમતામાં વધારો થાય છે, જેનો સીધો લાભ સામાન્ય જનતાને મળે છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ.રાકેશ જોષીએ વર્ષ દરમિયાન થયેલા પરીક્ષણો અને શસ્ત્રક્રિયાઓના આંકડા રજૂ કરતા એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે, "AI અને ટેકનોલોજી આરોગ્ય નિષ્ણાતો માટે ઉત્તમ સહાયક બની શકે છે, પરંતુ તે ક્યારેય જીવંત નિષ્ણાતનું સ્થાન લઈ શકે નહીં." આ પ્રસંગે ગાહ (GAHA) ગુજરાતના ઉપાધ્યક્ષ અને વરિષ્ઠ સર્જન ડૉ.વિરેન શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા અને ટેકનોલોજીના પ્રભાવ વિશે ચર્ચા કરી હતી. કોક્લેવના બીજા સત્રમાં પરંપરાગત આરોગ્ય સંચાલન અને આધુનિક ટેકનોલોજી આધારિત પદ્ધતિઓ વચ્ચેના તફાવત તેમજ તબીબી ક્ષેત્રે AI ના પ્રાયોગિક ઉપયોગ અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગુજરાતભરના તબીબી નિષ્ણાતો, હોસ્પિટલ એડમિનિસ્ટ્રેટર્સ અને અંદાજે ૧૫૦ જેટલા મેડિકલ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમમાં એ વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે ૨૧મી સદીમાં માનવ બુદ્ધિમત્તા અને ટેકનોલોજીનું સંકલન જ આરોગ્યક્ષેત્રના ઉજ્જવળ ભવિષ્ય માટે અનિવાર્ય છે. પ્રશ્નોત્તરી અને આભારવિધિ સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન સ્માર્ટ ટેકનોલોજી ફોર મેડિકલ એન્ડ હેલ્થ સાયન્સિસ (ICSTMHS-2026) સફળતાપૂર્વક પૂર્ણ

કમલમ્,

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી (SPU), વિસનગર દ્વારા નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગરના સહયોગથી આયોજિત "સ્માર્ટ ટેકનોલોજી ફોર મેડિકલ એન્ડ હેલ્થ સાયન્સિસ (ICSTMHS-2026)" આંતરરાષ્ટ્રીય પરિષદ ત્રણ દિવસ સુધી ચાલેલા વ્યાપક શૈક્ષણિક ચર્ચા, જ્ઞાન વિનિમય અને વૈજ્ઞાનિક સત્રો બાદ ૧૫ માર્ચ ૨૦૨૬ના રોજ સફળતાપૂર્વક પૂર્ણ થઈ. આ પરિષદનું આયોજન સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના માનનીય પ્રમુખ શ્રી પ્રકાશ પટેલના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. જે. એમ. વ્યાસ, પદ્મશ્રી અને એસપીયુના પ્રોવોસ્ટ ડૉ. પી. એમ. ઉદાણીના માર્ગદર્શન હેઠળ આ પરિષદ યોજાઈ હતી. પરિષદના ઓર્ગેનાઈઝિંગ ચેરપર્સન તરીકે ડૉ. જે. આર. પટેલ, ડિરેક્ટર, હેલ્થ સાયન્સિસ, એસપીયુએ માર્ગદર્શન આપ્યું. ICSTMHS-2026 આ ક્ષેત્રની સૌથી મોટી આંતરવિષયક આરોગ્ય પરિષદોમાંથી એક તરીકે ઊભરી આવી, જેમાં દેશ-વિદેશના શિક્ષણવિદો, સંશોધકો, ક્લિનિશિયન, આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાંતો, ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ અને વિદ્યાર્થીઓ સહિત કુલ ૧,૮૭૮ પ્રતિભાગીઓએ ભાગ લીધો. મલેશિયા, યુનાઈટેડ સ્ટેટ્સ, વિવિધ આફ્રિકન દેશો તથા યુરોપિયન દેશોમાંથી આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા. પરિષદની શરૂઆત વ્યાપક પ્રી-કોન્ફરન્સ શૈક્ષણિક પ્રવૃત્તિઓથી થઈ. કુલ ૨૮ પ્રી-કોન્ફરન્સ કોર્સનું આયોજન કરવામાં આવ્યું, જેમાંથી એક કોર્સ અગાઉ NFSU ખાતે અને ૨૭ કોર્સ SPU ખાતે યોજાયા. આ વર્કશોપ્સમાં ૧,૩૪૨ પ્રતિભાગીઓ અને ૩૮ મેન્ટર્સે ભાગ લીધો અને મેડિકલ તથા હેલ્થ સાયન્સિસના વિવિધ ક્ષેત્રોમાં પ્રાયોગિક તાલીમ પ્રાપ્ત કરી. મુખ્ય પરિષદ સત્રો ૧૪ અને ૧૫ માર્ચે ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી ખાતે યોજાયા. આ દરમિયાન ૧૧ કીનોટ સ્પીકર્સ (જેમાં ૭ આંતરરાષ્ટ્રીય નિષ્ણાંતો સામેલ હતા) તેમજ ભારતભરના ૩૫ આમંત્રિત વક્તાઓએ પોતાના વિચારો અને સંશોધન રજૂ કર્યા. ઉપરાંત ૧૦ ઈન્ડસ્ટ્રી પાર્ટનર્સે આધુનિક આરોગ્ય વ્યવસ્થામાં ઉપયોગી ટેક્નોલોજીકલ નવીનતાઓ રજૂ કરી. પરિષદનો એક મહત્વપૂર્ણ ભાગ સંશોધન કાર્યની રજૂઆત રહ્યો. દેશ-વિદેશના સંશોધકો પાસેથી કુલ ૪૨૫ એબ્સ્ટ્રેક્ટ પ્રાપ્ત થયા હતા, જેમાંથી કડક પિયર-રિવ્યૂ પ્રક્રિયા બાદ ૩૩૫ સંશોધન પેપર્સ અને પોસ્ટર્સ સ્વીકારવામાં આવ્યા અને ટેક્નિકલ સત્રોમાં રજૂ કરવામાં આવ્યા. પરિષદ દરમિયાન થયેલી ચર્ચાઓમાં આરોગ્ય ક્ષેત્રમાં ઝડપથી વિકસતી સ્માર્ટ ટેકનોલોજી જેમ કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડિજિટલ હેલ્થ સિસ્ટમ્સ, ટેલિમેડિસિન, પ્રેડિક્ટિવ એનાલિટિક્સ, વેરેબલ હેલ્થ ટેકનોલોજી અને સ્માર્ટ મેડિકલ ડિવાઈસીસની ભૂમિકા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. નિષ્ણાંતોએ ચર્ચા કરી કે આ નવી ટેકનોલોજીઓ કેવી રીતે આરોગ્ય સેવાઓ, નિદાન, સંશોધન અને દર્દીની સારવારને પરિવર્તિત કરી રહી છે. આ પરિષદે મેડિકલ વ્યાવસાયિકો, વૈજ્ઞાનિકો, ઈજનેરો અને ટેકનોલોજી નિષ્ણાંતો વચ્ચે આંતરવિષયક સહયોગ માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરું પાડ્યું અને આરોગ્ય પ્રણાલીઓમાં આધુનિક ટેક્નોલોજીના સંકલનને પ્રોત્સાહન આપ્યું. સમાપન સત્ર દરમિયાન આયોજકોએ તમામ કીનોટ સ્પીકર્સ, આમંત્રિત નિષ્ણાતો, પ્રતિભાગીઓ અને ઈન્ડસ્ટ્રી પાર્ટનર્સનો આભાર વ્યક્ત કર્યો. પરિષદને સફળ બનાવવા માટે આયોજક સમિતિ, ફેકલ્ટી સભ્યો અને વિદ્યાર્થી સ્વયંસેવકોના સમર્પિત પ્રયત્નોની ખાસ પ્રશંસા કરવામાં આવી. આયોજકોએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે ICSTMHS-2026 દરમિયાન થયેલી ચર્ચાઓ, વિચારવિમર્શ અને સહયોગના નવા માર્ગો મેડિકલ અને હેલ્થ સાયન્સિસ ક્ષેત્રમાં સંશોધન, નવીનતા અને વૈશ્વિક સહકારને આગળ વધારવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. આ પરિષદે ગુજરાતને આરોગ્ય નવીનતા, આંતરવિષયક સંશોધન અને ટેકનોલોજી આધારિત મેડિકલ વિકાસ માટે ઉભરતા કેન્દ્ર તરીકે વધુ મજબૂત બનાવ્યું છે.

કોંગ્રેસના સમયમાં વિકાસકાર્યો અટકાવવા, લટકાવવા અને પ્રજાને ભ્રમિત કરવાની રાજનીતિ ચાલતી હતી જ્યારે ભાજપ વિકાસ અને સેવાભાવના માર્ગે કાર્ય કરે છે - શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

કોંગ્રેસ પાસે આજે નેતા, નીતિ અને નિયત ત્રણેયનો અભાવ છે જ્યારે ભાજપા પાસે વિઝનરી અને વિકાસશીલ નેતૃત્વ છે - શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

પાટણ વિધાનસભાના બૂથ નંબર ૨૪૦ ના પ્રમુખશ્રી શૈલેષભાઈ મગનભાઈ પટેલના નિવાસસ્થાને જઈ ભોજન ગ્રહણ કરી બાળકોને નોટબુકનું વિતરણ કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આજે પાટણખાતે આયોજિત બુથ કાર્યકર્તા સંમેલનમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોને સંબોધન કર્યું હતું. આ પૂર્વે તેઓએ પાટણ વિધાનસભાના બૂથ નંબર૨૪૦ના પ્રમુખશ્રી શૈલેષભાઈ મગનભાઈ પટેલના નિવાસસ્થાને જઈ ભોજન ગ્રહણ કર્યું હતું તેમજ બાળકોને નોટબુકનું વિતરણ કર્યું હતું. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ સંબોધનની શરૂઆત પાટણની પવિત્ર ધરતી, સિદ્ધરાજ જયસિંહ તથા કુમારપાળની કર્મભૂમિને વંદન કરતા કરી હતી અને જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીની સૌથી મોટી તાકાત તેનું સંગઠન છે, જ્યાં સામાન્ય બૂથનો કાર્યકર્તા પણ પ્રદેશ અધ્યક્ષ સાથે મંચ પર સ્થાન મેળવે છે. વર્ષો સુધી અનેક વરિષ્ઠ કાર્યકર્તાઓએ ભાજપને મજબૂત બનાવવા સિંહફાળો આપ્યો છે અને આજે ભરબપોરે વિશાળ સંખ્યામાં હાજર રહેલા નિષ્ઠાવાન કાર્યકર્તાઓને જોઈ ગર્વ થાય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ભાજપનો કાર્યકર્તા દેવદુર્લભ છે, આવા સમર્પિત કાર્યકર્તાઓ વિશ્વની સૌથી મોટી પાર્ટી ભારતીય જનતા પાર્ટી પાસે જ છે. શ્રી વિશ્વકર્માએ પાટણના ઐતિહાસિક અને સાંસ્કૃતિક ગૌરવનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે અહીં હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી, રાણી કી વાવ અને વિશ્વવિખ્યાત પટોળા જેવી ધરોહર છે જેને જીઆઈ ટેગ પ્રાપ્ત થયો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગામડાં અને નાના વેપારીઓને મજબૂત બનાવવા માટે અનેક સંકલ્પો કર્યા છે. ખાદીના પ્રચાર માટે ૨ ઓક્ટોબરે કરાયેલ સંકલ્પ બાદ આજે સમગ્ર દેશમાં ખાદીનું વેચાણ લગભગ દોઢ લાખ કરોડ રૂપિયાને પાર પહોંચ્યું છે. તેમણે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને દેશના ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે ખેડૂતોને યોગ્ય ભાવ મળે તેની ચિંતા કરી છે. તેમણે સહકાર આંદોલનનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે સરદાર વલ્લભભાઈ પટેલે સહકારી ડેરી આંદોલનની શરૂઆત માત્ર દસ લોકો સાથે કરી હતી અને આજે અમૂલ ડેરી વિશ્વના બજારમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી લગભગ એક લાખ કરોડથી વધુનું ટર્નઓવર કરી રહી છે. ગામડાં મજબૂત બને તે દિશામાં ભાજપ સરકાર સતત કાર્ય કરી રહી છે. પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું કે, બહુચરાજી વિસ્તારમાં ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રી સ્થાપિત થતાં જિલ્લાના વિકાસને નવી દિશા મળી છે. એક સમયે કોઈ કલ્પના પણ કરી શકતું નહોતું કે અહીં મારૂતિ કારનું ઉત્પાદન થશે, પરંતુ આજે અહીં કારનું ઉત્પાદન થાય છે અને તેનું નિકાસ પણ થાય છે. આ એક ઈન્ડસ્ટ્રી જ સવા લાખથી વધુ લોકોને સીધા કે આડકતરી રીતે રોજગાર પૂરો પાડી રહી છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જોયેલા સ્વપ્નોને વાઈબ્રન્ટ ગુજરાત જેવી પહેલ થકી સાકાર કરવામાં આવ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે આજે પાટણ મેડિકલ ક્ષેત્રમાં હબ તરીકે ઉભર્યું છે જ્યાં આસપાસના રાજ્યોમાંથી પણ લોકો સારવાર માટે આવે છે અને ગુજરાતમાં મેડિકલ ટુરિઝમનો વિકાસ થયો છે. વડાપ્રધાનશ્રી મોદીજીએ સરદાર સાહેબે જોયેલા સ્વપ્નને સાકાર કરી સરદાર સરોવર ડેમ પૂર્ણ કર્યો અને તેની ઊંચાઈ વધારી. કોંગ્રેસ આજે અંદરના વિખવાદો અને સંકટોથી ઘેરાયેલી છે અને માત્ર બચવા માટે સંઘર્ષ કરી રહી છે. શ્રી વિશ્વકર્માએ જણાવ્યું કે કોંગ્રેસે વર્ષો સુધી સરદાર સરોવર ડેમની ઊંચાઈ વધારવા અને દરવાજા લગાવવાની મંજૂરી આપવી અટકાવી હતી અને ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીને ઉપવાસ પર બેસવું પડ્યું હતું. પરંતુ વડાપ્રધાન બન્યા બાદ માત્ર ૧૭ દિવસમાં ડેમના દરવાજા લગાવવાની મંજૂરી આપી વિકાસનો માર્ગ મોકળો કર્યો. આજે સરદાર સરોવરથી પાટણ સુધી પાણી પહોંચાડવાનું ઐતિહાસિક કાર્ય ભાજપ સરકારે કર્યું છે અને ૭૫ હજાર કિલોમીટર લાંબું નેટવર્ક બનાવવામાં આવ્યું છે. એક સમય એવો હતો જ્યારે સાબરમતીમાંથી ટ્રેન દ્વારા સૌરાષ્ટ્રમાં પાણી મોકલવું પડતું હતું, પરંતુ વડાપ્રધાન મોદીએ આ ઈતિહાસ બદલી નાખ્યો છે. તેમણે જણાવ્યું કે શિક્ષણ, રોજગાર, કૃષિ, ઉદ્યોગ, મહિલા સશક્તિકરણ અને સિંચાઈ જેવી તમામ ક્ષેત્રોમાં વિકાસની ભેટ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે આપી છે. આજે પાટણ વિશ્વના નકશામાં પોતાની ઓળખ બનાવી ચૂક્યું છે. ચારણકા સોલર પાર્ક ગુજરાતને ગ્રીન એનર્જીના ક્ષેત્રમાં આગળ રાખે છે અને દુનિયા આજે જેની ચર્ચા કરે છે તે માર્ગ પાટણે વર્ષો પહેલા અપનાવ્યો હતો. એક સમય એવો હતો જ્યારે પાણીની અછતને કારણે પાટણ જિલ્લો ડાર્ક ઝોનમાં ગણાતો હતો, પરંતુ ભાજપ સરકારે પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવ્યો. કોંગ્રેસે ૬૦ વર્ષ સુધી શાસન કર્યું છતાં વિકાસના મોટા કાર્યો કરી શકી નહીં. તેમણે જણાવ્યું કે કોંગ્રેસ પાસે આજે નેતૃત્વ, નીતિ અને નિયત ત્રણેયનો અભાવ છે. કોંગ્રેસના નેતાઓને કોંગ્રેસમાં રહીને તેમણે જીવનના અમૂલ્ય વર્ષો બગાડ્યા તેવો અહેસાસ થઈ રહ્યો છે. શ્રી વિશ્વકર્માએ જણાવ્યું કે આજે વિશ્વમાં ભારતની અર્થવ્યવસ્થા ટોચની પાંચ અર્થવ્યવસ્થાઓમાં સ્થાન ધરાવે છે અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વિશ્વના સૌથી લોકપ્રિય નેતા તરીકે માન્યતા મેળવી રહ્યા છે. તેમણે ઉમેર્યું કે પાટણના વિકાસ માટે વિઝનરી અને વિકાસશીલ નેતૃત્વની જરૂર છે અને ભાજપના વિચારધારા ધરાવતા નેતૃત્વ દ્વારા જ રોકેટ ગતિએ વિકાસ શક્ય છે. કોંગ્રેસ માત્ર દેખાવો કરવામાં, ખોટો વિરોધ કરવામાં અને જુઠ્ઠુ બોલવામાં નંબર ૧ છે. કોંગ્રેસના સમયમાં પ્રોજેક્ટ અટકાવવા, લટકાવવા અને પ્રજાને ભ્રમિત કરવાની રાજનીતિ ચાલતી હતી જ્યારે ભાજપ વિકાસ અને સેવાભાવના માર્ગે કાર્ય કરે છે. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી તથા ઉત્તર ઝોનના પ્રભારીશ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, જિલ્લા પ્રમુખશ્રી રમેશભાઈ સિંધવ, જિલ્લા ભાજપના પ્રભારીશ્રી સત્યેનભાઈ કુલાબકર, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હેતલબેન ઠાકોર, પૂર્વ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપુત, સહિત ભાજપા આગેવાનો, અગ્રણીશ્રીઓ તથા મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.

કમલમ્,

વિચારોનું આદાન-પ્રદાન અને વિકાસની વાતો સાથે ઐતિહાસિક નગરી પાટણ ખાતે પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશ વિશ્વકર્મા દ્વારા ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકો સાથે સીધો સંવાદ યોજાયો. આ અવસરે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકાયેલી જનકલ્યાણકારી યોજનાઓ અને પ્રાપ્ત થયેલી અભૂતપૂર્વ સિદ્ધિઓ અંગે વિસ્તૃત ચર્ચા તથા વિચારોનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રી તથા ઉત્તર ઝોનના પ્રભારીશ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, પાટણ જિલ્લા ભાજપા પ્રમુખશ્રી રમેશભાઈ સિંધવ, પ્રભારીશ્રી સત્યેનભાઈ કુલાબકર સહિત વરિષ્ઠ આગેવાનો, પ્રબુદ્ધ નાગરિકો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

કમલમ્,

વિચારોનું આદાન-પ્રદાન અને વિકાસની વાતો સાથે ઐતિહાસિક નગરી પાટણ ખાતે પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશ વિશ્વકર્મા દ્વારા ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત ની ઉપસ્થિતિમાં જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકો સાથે સીધો સંવાદ યોજાયો. આ અવસરે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહબના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકાયેલી જનકલ્યાણકારી યોજનાઓ અને પ્રાપ્ત થયેલી અભૂતપૂર્વ સિદ્ધિઓ અંગે વિસ્તૃત ચર્ચા તથા વિચારોનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રી તથા ઉત્તર ઝોનના પ્રભારીશ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, પાટણ જિલ્લા ભાજપા પ્રમુખશ્રી રમેશભાઈ સિંધવ, પ્રભારીશ્રી સત્યેનભાઈ કુલાબકર સહિત વરિષ્ઠ આગેવાનો, પ્રબુદ્ધ નાગરિકો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

કમલમ્,

પાટણ ખાતે આયોજિત 'બૂથ કાર્યકર્તા સંમેલન' માં ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી જગદીશ વિશ્વકર્મા ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં કાર્યકર્તાઓને સંબોધન કરી સંગઠનની શક્તિ અને ભાજપના વિકાસમાર્ગ અંગે માર્ગદર્શન આપ્યું. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે ભારતીય જનતા પાર્ટીની સૌથી મોટી તાકાત તેનો સમર્પિત કાર્યકર્તા છે અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં દેશ અને ગુજરાત વિકાસના નવા શિખરો સર કરી રહ્યા છે. તેમણે પાટણના ઐતિહાસિક અને સાંસ્કૃતિક ગૌરવનો ઉલ્લેખ કરતા વિકાસ, શિક્ષણ, કૃષિ, ઉદ્યોગ અને પાણી વ્યવસ્થામાં ભાજપ સરકાર દ્વારા થયેલા કાર્યો અંગે વિસ્તૃત ચર્ચા કરી. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી તથા ઉત્તર ઝોનના પ્રભારીશ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, જિલ્લા પ્રમુખશ્રી રમેશભાઈ સિંધવ, જિલ્લા ભાજપના પ્રભારીશ્રી સત્યેનભાઈ કુલાબકર, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હેતલબેન ઠાકોર, સહિત ભાજપા આગેવાનો, અગ્રણીશ્રીઓ તથા મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.

કમલમ્,

ઐતિહાસિક નગરી પાટણ ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ પ્રબુદ્ધ નાગરિકો સાથે સંવાદ કાર્યક્રમ યોજી વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. આ પ્રસંગે શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ અમલમાં મૂકાયેલી સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને દેશના સર્વાંગી વિકાસ માટેની કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રબુદ્ધ નાગરિકોએ પણ પોતાના વિચારો રજૂ કરી રચનાત્મક સંવાદમાં સહભાગીતા નોંધાવી હતી.

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો ૨૧મો પદવીદાન સમારોહ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને યોજાયો

જમીનનો ઓર્ગેનિક કાર્બન વધારવા અને સ્વાસ્થ્યપ્રદ ખોરાક માટે પ્રાકૃતિક કૃષિ જ એકમાત્ર વિકલ્પઃ- રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

કમલમ્,

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો ૨૧મો પદવીદાન સમારોહ રાજ્યપાલ તથા યુનિવર્સિટીના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ ગરિમામય સમારોહમાં રાજ્યપાલશ્રીના હસ્તે વિવિધ વિદ્યાશાખાના ૩૬ તેજસ્વી વિદ્યાર્થીઓને તેમની વિશિષ્ટ શૈક્ષણિક સિદ્ધિઓ બદલ ૩૯ સુવર્ણચંદ્રકો એનાયત કરવામાં આવ્યા હતા. તેમાં ૭ ચાન્સેલર ગોલ્ડ મેડલ, ૬ વાઈસ ચાન્સેલર ગોલ્ડ મેડલ અને ૨૬ ડોનર ગોલ્ડ મેડલનો સમાવેશ થાય છે. ઉપરાંત યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીના કુલ ૫૧૦ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરી દીક્ષિત કરવામાં આવ્યા હતા, જેમાં ૩૦૨ સ્નાતક, ૧૫૪ અનુસ્નાતક અને ૫૪ વિદ્યાર્થીઓને પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત થઈ હતી. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ પદવીધારકોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે પ્રાચીન સમયથી દેશમાં ગુરુ-શિષ્યનો સંબંધ અત્યંત પવિત્ર માનવામાં આવ્યો છે. શિક્ષણના આદાન-પ્રદાન અને દિક્ષાંત સમારોહ થકી ગુરુ દ્વારા વિદ્યાર્થીઓને અંતિમ ઉપદેશ આપવામાં આવે છે. એક વિદ્યાર્થી પાસે સમાજ, પરિવાર અને દેશ શું અપેક્ષા રાખે છે તેનું ધ્યાન રાખવું જોઈએ. પ્રાચીન સમયથી ગુરુ દ્વારા વિદ્યાર્થીને પ્રથમ ઉપદેશ તરીકે સત્ય આધારિત જીવન જીવવાની પ્રેરણા આપવામાં આવે છે. સત્ય અજેય છે અને તે અંધકારમાંથી ઉજાસ તરફ દોરી જાય છે. બીજો ઉપદેશ જીવનમાં એવા દિવ્ય ગુણોને અપનાવવાનો છે, જેનાથી દરેકને સુખ અને શાંતિ મળે, જ્યારે ત્રીજો ઉપદેશ એ છે કે વિદ્યાર્થીએ જે વિષયનો અભ્યાસ કર્યો હોય તેની સાથે સતત જોડાયેલા રહી પોતાનું જ્ઞાન કુટુંબ, સમાજ અને રાષ્ટ્રના હિતમાં ઉપયોગી બનાવવું જોઈએ. તેમણે જણાવ્યું કે, ખેડૂત ખેતરમાં જવાનું છોડી દે અને વિદ્યાર્થી અભ્યાસ છોડી દે તો બંનેનું કાર્ય નિરર્થક બની જાય છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, એક વિદ્યાર્થી માટે માતા-પિતા અને ગુરુ હંમેશા પૂજનીય છે.

દરેક વિદ્યાર્થીએ દેશના હિતમાં સારું કાર્ય કરવાની દિશામાં પ્રયત્ન કરવો જોઈએ. તેમણે દેશની કૃષિ વ્યવસ્થાના ઈતિહાસનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે ૬૦ ના દશકામાં ભારત અન્નક્ષેત્રે અન્ય દેશો પર નિર્ભર હતું. તે સમયે વૈજ્ઞાનિક ડૉ. એમ. એસ. સ્વામીનાથને દેશને હરિત ક્રાંતિનો માર્ગ બતાવ્યો હતો. તેમના રિપોર્ટ અનુસાર તે સમયે દેશની જમીનમાં ઓર્ગેનિક કાર્બન ૨ થી ૨.૫ ટકા હતો. તેમણે રાસાયણિક ખાતર ઉપરાંત પરંપરાગત ખેતી ચાલુ રાખવા ભલામણ કરી હતી. પરંતુ સમયાંતરે રાસાયણિક ખાતરોનો ઉપયોગ વધતા આજે જમીનનો ઓર્ગેનિક કાર્બન ખૂબ જ ઘટી ગયો છે. તેમણે જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતી જમીનમાં ઓર્ગેનિક કાર્બન વધારવામાં મદદરૂપ બને છે, જ્યારે રાસાયણિક ખાતર તેને ઘટાડે છે. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ "શ્રી અન્ન" પુસ્તકનું વિમોચન કર્યું હતું તેમજ યુનિવર્સિટીના નવા ગેટ અને વેબસાઈટને ખુલ્લી મૂકી હતી. દીક્ષાંત પ્રવચન આપતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ કૃષિના વિદ્યાર્થીઓને પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે નવા સંશોધનો કરીને કૃષિ સમૃદ્ધિનો નવો માર્ગ કંડારવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એસ. ડી. સોલંકીએ જણાવ્યું હતું કે 'એજ્યુકેશન વર્લ્ડ ઈન્ડિયા હાયર એજ્યુકેશન રેંકિંગ ૨૦૨૫-૨૬'માં યુનિવર્સિટીએ દેશભરમાં ૧૧મો ક્રમ પ્રાપ્ત કર્યો છે. ઘઉં અને દિવેલા (અરંડી) સંશોધન કેન્દ્રોને રાષ્ટ્રીય સ્તરે સર્વશ્રેષ્ઠ એવોર્ડ મળ્યા છે. આ વર્ષે વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂત સમુદાય માટે નવી ભલામણો રજૂ કરવામાં આવી છે. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે યુનિવર્સિટીએ ૯૬ ગામો દત્તક લીધા છે અને વિવિધ સંશોધન કેન્દ્રોમાં કામગીરી પ્રગતિમાં છે. તેમણે જણાવ્યું કે, યુનિવર્સિટી દ્વારા શિક્ષણ અને સંશોધન સાથે માળખાકીય સુવિધાઓમાં પણ નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે, જેમાં અરવલ્લીમાં નવું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK) તથા વાવ-થરાદ ખાતે કૃષિ ઈજનેરી કોલેજની સ્થાપનાનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર ભાર મૂકતા તેમણે જણાવ્યું કે આ વર્ષે ૩૧ વિદ્યાર્થીઓએ નેટ (NET) પરીક્ષા પાસ કરી છે અને રૂરલ બિઝનેસ ઈન્ક્યુબેશન સેન્ટર દ્વારા ૧૪૦ સ્ટાર્ટઅપ્સને સહયોગ આપવામાં આવ્યો છે.

અંતમાં પદવી મેળવનાર વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી તેમણે વિદ્યાર્થીઓને નૈતિકતા અને નિષ્ઠા સાથે રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા આહવાન કર્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે આઈ.સી.એ.આર, નવી દિલ્હીના એ.ડી.જી. ડૉ. સંજીવ ગુપ્તાએ દીક્ષાંત ઉદ્બોધન કરતા પદવીધારકોને આજના સ્પર્ધાત્મક યુગમાં જ્ઞાન સાથે કૌશલ્ય વિકસાવવાની અને કૃષિ ક્ષેત્રે નવા સ્ટાર્ટઅપ શરૂ કરી 'નોકરી લેનાર'ને બદલે 'નોકરી આપનાર' બનવાની પ્રેરણા આપી હતી. આ પદવીદાન સમારંભમાં બેસ્ટ ટીચરનો એવોર્ડ ડૉ. આર. એસ. જૈમનને, બેસ્ટ સંશોધનકર્તાનો એવોર્ડ ડૉ. એલ. ડી. પરમારને અને બેસ્ટ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રીનો એવોર્ડ ડૉ. સચીન માળવેને એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધાનેરા વિધાનસભાના ધારાસભ્ય શ્રી માવજીભાઈ દેસાઈ, જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. વી. પી. ચોવટીયા, કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પી. એચ. ટાંક, જિલ્લા કલેક્ટર શ્રી મિહીર પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ. જે. દવે, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી પ્રશાંત સુમ્બે, ભૂતપૂર્વ કુલપતિશ્રીઓ, કેન્દ્રનિયામકો, મેનેજમેન્ટ બોર્ડના સભ્યો, શિક્ષણ-સંશોધન અને વિસ્તરણ કાઉન્સિલના સભ્યો, કૃષિ વૈજ્ઞાનિકો, પ્રાધ્યાપકો તથા પદવીધારકોના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીએ 'આત્મનિર્ભર ભારત' અને આંતરરાષ્ટ્રીય વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરવા માટે ગ્લોબલ ડિફેન્સ એટેચીસ રાઉન્ડ ટેબલનું આયોજન કર્યું

કમલમ્,

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU), જે રાષ્ટ્રીય મહત્વની સંસ્થા છે, તેણે ૧૬ માર્ચ ૨૦૨૬ ના રોજ ડિફેન્સ એટેચીસ (Defence Attachés) માટે સીમાચિહ્નરૂપ બેદિવસીય રાઉન્ડ ટેબલ કોન્ફરન્સનું સફળતાપૂર્વક ઉદ્ઘાટન કર્યું. આ સંમેલન, જેની થીમ "ગ્લોબલ ડિફેન્સટેક લેન્ડસ્કેપમાં આત્મનિર્ભર ભારત: નવીનતા, નિકાસ અને સંયુક્ત ટેક્નોલોજી ભાગીદારીને વેગ આપવો" હતો, તેમાં આફ્રિકા, એશિયા, પેસિફિક અને કેરેબિયન સહિત ૨૪ રાષ્ટ્રોના રાજદારીઓ અને સંરક્ષણ પ્રતિનિધિઓ એકત્ર થયા હતા. આ કાર્યવાહી ૧૭ માર્ચ ૨૦૨૬ ના રોજ પૂર્ણ થવાની છે. માનનીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહનો વિશેષ સંદેશ: "ભારતની 'આત્મનિર્ભરતા' ની શોધ એ માત્ર સ્થાનિક સીમાચિહ્ન નથી પરંતુ વિશ્વસનીય, ઉચ્ચ-ગુણવત્તાવાળા અને ખર્ચ-અસરકારક સુરક્ષા ઉકેલો માટેની વૈશ્વિક પ્રતિબદ્ધતા છે. આ રાઉન્ડ ટેબલ જેવા પ્લેટફોર્મ દ્વારા સ્વદેશી નવીનતાને પ્રોત્સાહન આપીને, અમે અમારા આંતરરાષ્ટ્રીય ભાગીદારોને પરંપરાગત ખરીદનાર-વેચનારના સંબંધોથી આગળ વધવા માટે આમંત્રિત કરી રહ્યા છીએ. અમારો ધ્યેય સહ-વિકાસ અને સહ-ઉત્પાદનની એક સહયોગી ઇકોસિસ્ટમ બનાવવાનો છે જે વિકાસશીલ રાષ્ટ્રોને સશક્ત બનાવે અને સુરક્ષિત, બહુધ્રુવીય વિશ્વ સુનિશ્ચિત કરે. ભારત સામૂહિક શાંતિ અને સાર્વભૌમત્વને પ્રોત્સાહન આપવા માટે તેની તકનીકી પ્રગતિ શેર કરવા માટે તૈયાર છે." કાર્યક્રમની શરૂઆત RRU ના વાઇસ ચાન્સેલર પ્રો. (ડૉ.) બિમલ એન. પટેલના સ્વાગત પ્રવચન સાથે થઈ હતી, જેમણે વિચારો અને અમલીકરણની દુનિયા વચ્ચે સેતુ તરીકે યુનિવર્સિટીની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ મેળાવડો લોકશાહી રાષ્ટ્રો વચ્ચેના સંવાદ દ્વારા સ્થિર અને સમૃદ્ધ ભવિષ્યને આકાર આપવાના હેતુથી "ભાગીદારીની નોંધપાત્ર ભૂગોળ" પ્રતિબિંબિત કરે છે. ઉદ્ઘાટન સત્રમાં DRDO ના પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક અને ડાયરેક્ટર જનરલ ડૉ. (શ્રીમતી) ચંદ્રિકા કૌશિક દ્વારા મુખ્ય વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. ડૉ. કૌશિકે સંરક્ષણ સાધનોના વિશ્વના સૌથી મોટા આયાત કરનારોમાંના એકમાંથી ભારતનાં વિશ્વસનીય વિકાસકર્તા અને નિકાસકારના રૂપમાં થયેલા પરિવર્તન પર ભાર મૂક્યો હતો. તેમણે નોંધ્યું હતું કે ભારત હવે તેજસ લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ, બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઇલ્સ અને આકાશ એરડિફેન્સ સિસ્ટમ્સ સહિત યુદ્ધ-સાબિત (battle-proven) સિસ્ટમ્સનો વ્યાપક સ્પેક્ટ્રમ પ્રદાન કરે છે. સંરક્ષણ મંત્રાલયના સલાહકાર શ્રી યશ વર્ધન પટેલે ભારતના સંરક્ષણ નિકાસ માટે ચૂકાત્મક રોડમેપ પૂરો પાડ્યો હતો. તેમણે ખુલાસો કર્યો કે સંરક્ષણ નિકાસ ૨૦૧૪ માં અંદાજે ૧,૦૦૦ કરોડથી વધીને ૨૦૨૪-૨૫ ના નાણાકીય વર્ષમાં અપેક્ષિત ૩૦,૦૦૦ કરોડ થઈ છે, જે ૨૦૨૯ સુધીમાં ૫૦,૦૦૦ કરોડ હાંસલ કરવાના વિઝન સાથે છે. તેમણે વધુમાં DEX પહેલની સફળતા પર પ્રકાશ પાડ્યો, જે ક્વોન્ટમ સેન્સર્સ અને ડ્રોન જેવી નેક્સ્ટ જનરેશન ટેકનોલોજી વિકસાવવામાં આશરે ૨૦,૦૦૦ સ્ટાર્ટઅપ્સને સશક્ત બનાવે છે. વર્કશોપમાં પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય અતિથિ વિશેષોના દૃષ્ટિકોણ પણ રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- મહામહિમ શ્રી કાલિદો નુન્સ, ભારતમાં તિમોર-લેસ્તેના રાજદૂત,
- મહામહિમ શ્રી એમ. રિયાઝ હમીદુલ્લાહ, ભારતમાં બાંગ્લાદેશના હાઈ કમિશનર,
- મહામહિમ ઈ. શ્રી ધરમકુમાર સીરાજ, ગયાનાના હાઈ કમિશનર,
- મહામહિમ શ્રી મુસ્તફા જાવરા, ભારતમાં ધ ગેમ્બિયાના હાઈ કમિશનર.

આંતરરાષ્ટ્રીય વક્તાઓએ ભારત સાથે સંરક્ષણ સંબંધો ગાઢ બનાવવામાં સામૂહિક રસ વ્યક્ત કર્યો હતો. એચ.ઈ. શ્રી ધરમકુમાર સીરાજે ભારત સરકાર સાથેની હાલની લાઈન ઓફ ક્રેડિટ દ્વારા સંરક્ષણ ટેકનોલોજી અને હાર્ડવેરમાં સહયોગ વધારવાનો ગયાનાનો ઈરાદો વ્યક્ત કર્યો હતો. એચ.ઈ. શ્રી મુસ્તફા જાવરાએ ધ ગેમ્બિયાના કમ્બારીઓ માટે આંતરિક સુરક્ષા અને સાયબર સંરક્ષણમાં વ્યાવસાયિક તાલીમ માટે ઈઈ ને મહત્વપૂર્ણ ભાગીદાર તરીકે ઓળખાવ્યા હતા. બેદિવસીય ઈવેન્ટમાં પોલિસી સુધારા, જાહેર-ખાનગી સિનર્જી અને સુવ્યવસ્થિત એક્વિઝિશન પ્રક્રિયાઓ પર વિશેષ સત્રોનો સમાવેશ થાય છે. સહભાગીઓ ભારતની સંરક્ષણ ઇકોસિસ્ટમને ચલાવતી સ્વદેશી નવીનતાઓને રૂબરૂ જોવા માટે ડિફેન્સ એક્સપો અને યુનિવર્સિટીની લેબોરેટરીઓની પણ મુલાકાત લેશે. રાઉન્ડ ટેબલ સહયોગી વૈશ્વિક સુરક્ષા માળખાને પ્રોત્સાહન આપવા માટે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરેછે. શૈક્ષણિક શ્રોતાને ઓદ્યોગિક અને રાજદારી જોડાણ સાથે જોડીને, RRU આંતરરાષ્ટ્રીય સમુદાયની સામૂહિક સ્થિરતામાં યોગદાન આપવાનું ચાલુ રાખે છે.

બ્યૂરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ અમદાવાદ દ્વારા વિશ્વ ગ્રાહક અધિકાર દિવસની ઉજવણી

કમલમ્,

બ્યૂરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) એ ભારત સરકારના ગ્રાહક બાબતો ના મંત્રાલય, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય હેઠળ કાર્યરત ભારતની રાષ્ટ્રીય માનક સંસ્થા છે. BIS 1947 માં તેની સ્થાપના થઈ ત્યારથી જ્યારે ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ ઇન્સ્ટિટ્યૂશન (ISI) તરીકે ઓળખાતી હતી ત્યારથી, તેના કન્ફર્મિટી એસેસમેન્ટ, લેબોરેટરી સર્વિસિસ, હોલમાર્કિંગ અને અન્ય યોજનાઓ દ્વારા ભારતના ઉદ્યોગો અને ગ્રાહકોની સેવા કરી રહી છે. ISI માર્કધારકના લગભગદરેક ઘરમાં 'ગુણવત્તા' શબ્દનો પર્યાય બની ગયો છે. હોલમાર્કિંગ યોજનાએ ગ્રાહકને સોનાની શુદ્ધતા માટે ઉચ્ચતમ ક્વાલીખાતરી આપી છે. BIS એ તાજેતરમાં શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓને સભ્યો તરીકે સમાવીને 'સ્ટાન્ડર્ડ્સ ક્લબ' બનાવીને યુવા બ્રાન્ડ એમ્બેસેડરોના વાઇબ્રન્ટ જૂથ દ્વારા ગુણવત્તા પ્રત્યે જાગૃતિ લાવવા માટે એક ઉમદા પહેલ કરી છે. આ ક્લબ હેઠળની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા, યુવા પ્રતિભાઓને ગુણવત્તા અને માનકીકરણના ક્ષેત્રમાં શીખવાની તક મળે છે.

BIS એ ભારતમાં લગભગ ૧૦૦૦૦ સ્ટાન્ડર્ડ્સ ક્લબ બનાવી છે. વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ ૨૦૨૬ ના અવસર પર, "સુરક્ષિત ઉત્પાદનો, આત્મવિશ્વાસુ ગ્રાહકો" વિષય સાથે, બ્યૂરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS), અમદાવાદે ગુજરાત રાજ્યભરના વિવિધ હિતધારકો સાથે સંકલન કરીને માર્ચ મહિના દરમિયાન જાગૃતિ કાર્યક્રમોની શ્રેણીનું આયોજન કર્યું હતું. આ ઉજવણીનું સમાપન ૧૬ માર્ચ ૨૦૨૬ ના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન, અમદાવાદ ખાતે આયોજિત એક ભવ્ય કાર્યક્રમમાં થયું હતું. કાર્યક્રમની શરૂઆત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય અને માનક ગીત સાથે થઈ હતી. શ્રી સુમિત સેંગર તેમના સ્વાગત પ્રવચનમાં, સ્વતંત્રતા પછી ગ્રાહક સુરક્ષામાં BIS દ્વારા ભજવવામાં આવેલી મહત્વની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો અને માલ અને સેવાઓની સુરક્ષા, ગુણવત્તા અને વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવામાં ધોરણોના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે વિવિધ હિતધારકોના યોગદાનની પણ પ્રશંસા કરી હતી અને જ્વેલર્સ એસોસિએશનોના સહયોગથી જ્વેલરી હોલમાર્કિંગ પર અને રમકડાંના સંગઠનો સાથે હાથ ધરવામાં આવેલી રમકડાંની સલામતી અંગેની જાગૃતિ પહેલ પર તાજેતરમાં હાથ ધરવામાં આવેલા ગ્રાહક જાગૃતિ અભિયાનના અનુભવો શેર કર્યા હતા. ડો. સુનિલ પારેખ, અધ્યક્ષ, કન્ઝ્યુમર એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટર (CERC), તેમના સંબોધનમાં, બજારમાં ઉપલબ્ધ માલ અને સેવાઓ સુરક્ષિત, વાજબી અને વિશ્વસનીય છે તેની ખાતરી કરીને ગ્રાહકોના રક્ષણના મહત્વ પર ભાર મૂક્યો હતો અને ગુણવત્તાના ધોરણો એ ગ્રાહકોમાં વધુ જાગૃતિ લાવવાની જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો હતો. કાર્યક્રમમાં CERC ના CEO ડો. અનિતિતા મહેતા દ્વારા ગ્રાહક ઉત્પાદન સુરક્ષા પર એક સમજદાર પ્રેઝન્ટેશન પણ આપવામાં આવ્યું હતું, જેમાં તેમણે CERC દ્વારા હાથ ધરવામાં આવેલા ગ્રાહક સુરક્ષા સર્વેક્ષણોના મુખ્ય તારણો અને પરિણામો શેર કર્યા હતા. ઈવેન્ટના ભાગરૂપે, નવા BIS લાયસન્સ ધારકો માટે "માનક સંવાદ" સત્રનું પણ આયોજન કરવામાં આવ્યું હતું,

જ્યાં BIS અધિકારીઓએ પ્રમાણપત્ર પ્રક્રિયાઓ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને નિયમિત પ્રવૃત્તિઓ અને પાલન જરૂરિયાતો માટે BIS ઓનલાઈન પોર્ટલનો ઉપયોગ કેવી રીતે કરવો તેનું માર્ગદર્શન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન, નવા મંજૂર થયેલા લાયસન્સ ધારકોને BIS લાયસન્સ પ્રમાણપત્રો પણ વિતરિત કરવામાં આવ્યા હતા. સંબંધિત ઉત્પાદનમાટે ઓલ ઇન્ડિયા ફર્સ્ટ લાયસન્સ પ્રાપ્ત કરનાર પેઢીને વિશેષ સન્માન આપવામાં આવ્યું હતું. વધુમાં, શ્રી વિપિન ભાસ્કર, વૈજ્ઞાનિક 'D'/ સંયુક્ત નિયામક, BIS એ ગ્રાહક સુરક્ષામાં ધોરણોની ભૂમિકા પર એક પ્રેઝન્ટેશન આપ્યું હતું, જેમાં માનકીકરણ કેવી રીતે બજારમાં સુરક્ષિત અને વિશ્વસનીય ઉત્પાદનો સુનિશ્ચિત કરવામાં યોગદાન આપે છે તેના પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આ ઈવેન્ટનું સંકલન અને સંચાલન શ્રી અજય ચંદેલ, વૈજ્ઞાનિક-C/ઉપનિયામક, BIS અમદાવાદ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

ઇલેક્ટ્રિક સાયકલ દ્વારા માઇક્રોમોબિલિટીને પ્રોત્સાહન આપવા પરની રાષ્ટ્રીય વર્કશોપમાં ગ્રામીણ આજીવિકાને મજબૂત કરવામાં ઈ-સાયકલની ભૂમિકા પર પ્રકાશ પાડ્યામાં આવ્યો

ગ્રામીણ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કમલેશ પાસવાને ગ્રામીણ આજીવિકાને મજબૂત કરવામાં સસ્તી, સુરક્ષિત અને વિશ્વસનીય ગતિશીલતા (mobility)ના મહત્વ પર ભાર મૂક્યો

કમલમ્,

ભારત સરકારના કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલય (MoRD) એ એનજી એક્ઝિયન્સી સર્વિસીસ લિમિટેડ (EESL) ની સંપૂર્ણ માલિકીની પેટાકંપની કન્વર્જન્સ એનજી સર્વિસીસ લિમિટેડ (CESL) ના સહયોગથી આજે ઈલેક્ટ્રિક સાયકલ દ્વારા માઇક્રોમોબિલિટીને પ્રોત્સાહન આપવા પર એક રાષ્ટ્રીય વર્કશોપનું આયોજન કર્યું હતું. આ વર્કશોપ "ઈલેક્ટ્રિક સાયકલ્સ પાવરિંગ રૂરલ લાઇવલીહુડ્સ" વિષય પર કેન્દ્રિત હતી અને ગ્રામીણ ગતિશીલતા વધારવા, આજીવિકાને મજબૂત કરવા અને ટકાઉ વિકાસને ટેકો આપવામાં ઈલેક્ટ્રિક માઇક્રોમોબિલિટી સોલ્યુશન્સની ભૂમિકાની તપાસ કરી હતી. આ વર્કશોપ કેન્દ્રીય ગ્રામીણ વિકાસ રાજ્યમંત્રી શ્રી કમલેશ પાસવાનની ઉપસ્થિતિમાં યોજાઈ હતી અનતેમાં કેન્દ્રીય મંત્રાલયો, રાજ્ય સરકારો, સ્ટેટ રૂરલ લાઇવલીહુડ મિશન (SRLMs), ઉદ્યોગના પ્રતિનિધિઓ, વિક્રસ ભાગીદારો, સંશોધન સંસ્થાઓ, ટેકનોલોજી પ્રદાતાઓ અને મહિલા સ્વ-સહાય જૂથ (SHG) ના સભ્યોના વરિષ્ઠ અધિકારીઓએ હાજરી આપી હતી. સભાને સંબોધતા મંત્રીએ ગ્રામીણ આજીવિકાને મજબૂત કરવામાં સસ્તી, સુરક્ષિત અને વિશ્વસનીય ગતિશીલતાના મહત્વ પર ભાર મૂક્યો હતો અને ઈલેક્ટ્રિક માઇક્રોમોબિલિટી સોલ્યુશન્સને સ્કેલ કરવા માટે મંત્રાલયો, ગુજયો, ઉદ્યોગ અને વિક્રસ ભાગીદારોવચ્ચે સંસ્થાકીય સંકલનની જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ઉન્નત ગતિશીલતા આજીવિકાને મજબૂત કરવામાં પરિવર્તનકારી ભૂમિકા ભજવી શકે છે, ખાસ કરીને સ્વ-સહાય જૂથો સાથે સંકળાયેલી મહિલાઓ અને ગ્રામીણ આજીવિકા મિશન હેઠળના લખપતિ દીદી કાર્યક્રમ જેવી પહેલોમાટે. ઈવેન્ટ દરમિયાન, S TREE ઈમ્પેક્ટ એસેસમેન્ટ રિપોર્ટ લોન્ચ કરવામાં આવ્યો હતો, જે પાયલોટ રાજ્યોમાંથી પુરાવા અને અમલીકરણના શિક્ષણનું દસ્તાવેજીકરણ કરે છે. પાયલોટ રાજ્યોની SHG મહિલાઓને ઈલેક્ટ્રિક માઇક્રોમોબિલિટી સોલ્યુશન્સની ભૂમિકાની તપાસ કરી હતી. આ વર્કશોપ કેન્દ્રીય ગ્રામીણ વિકાસ રાજ્યમંત્રી શ્રી કમલેશ પાસવાનની ઉપસ્થિતિમાં યોજાઈ હતી અનતેમાં કેન્દ્રીય મંત્રાલયો, રાજ્ય સરકારો, સ્ટેટ રૂરલ લાઇવલીહુડ મિશન (SRLMs), ઉદ્યોગના પ્રતિનિધિઓ, વિક્રસ ભાગીદારો, સંશોધન સંસ્થાઓ, ટેકનોલોજી પ્રદાતાઓ અને મહિલા સ્વ-સહાય જૂથ (SHG) ના સભ્યોના વરિષ્ઠ અધિકારીઓએ હાજરી આપી હતી. સભાને સંબોધતા મંત્રીએ ગ્રામીણ આજીવિકાને મજબૂત કરવામાં સસ્તી, સુરક્ષિત અને વિશ્વસનીય ગતિશીલતાના મહત્વ પર ભાર મૂક્યો હતો અને ઈલેક્ટ્રિક માઇક્રોમોબિલિટી સોલ્યુશન્સને સ્કેલ કરવા માટે મંત્રાલયો, રાજ્યો, ઉદ્યોગ અને વિક્રસ ભાગીદારોવચ્ચે સંસ્થાકીય સંકલનની જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ઉન્નત ગતિશીલતા આજીવિકાને મજબૂત કરવામાં પરિવર્તનકારી ભૂમિકા ભજવી શકે છે, ખાસ કરીને સ્વ-સહાય જૂથો સાથે સંકળાયેલી મહિલાઓ અને ગ્રામીણ આજીવિકા મિશન હેઠળના લખપતિ દીદી કાર્યક્રમ જેવી પહેલોમાટે. ઈવેન્ટ દરમિયાન, S TREE ઈમ્પેક્ટ એસેસમેન્ટ રિપોર્ટ લોન્ચ કરવામાં આવ્યો હતો, જે પાયલોટ રાજ્યોમાંથી પુરાવા અને અમલીકરણના શિક્ષણનું દસ્તાવેજીકરણ કરે છે. પાયલોટ રાજ્યોની SHG મહિલાઓને ઈલેક્ટ્રિક માઇક્રોમોબિલિટી સોલ્યુશન્સની ભૂમિકાની તપાસ કરી હતી.

પાયલોટ રાજ્યોની જીડબ્લ્યુઅર મહિલાઓને એનર્જી ચેમ્પિયન તરીકે સન્માનિત કરવામાં આવી; જીઇઈવી ઇમ્પેક્ટ એસેસમેન્ટ રિપોર્ટ પણ રજૂ કરવામાં આવ્યો

નર્મદા પરિક્રમાની તડામાર તૈયારીઓ : રાજ્ય સરકાર રૂ. ૧૦ કરોડના ખર્ચે શ્રદ્ધાળુઓને પૂરી પાડશે અનેક સુવિધાઓ

ગાંધીનગર,

ભારતીય સંસ્કૃતિમાં સદીઓથી સાધુ-સંતો અને શ્રદ્ધાળુઓ માટે નર્મદા પરિક્રમા માત્ર યાત્રા નથી; પણ આસ્થા, સાધના અને આધ્યાત્મિક શક્તિનો અનોખો અનુભવ રહી છે અને ગુજરાતમાં યોજાતી ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા આજ સનાતન પરંપરાનું જીવંત પ્રતિબિંબ છે કે જ્યાં ભક્તો નર્મદા માતાની આરાધના સાથે પરિક્રમા કરીને આધ્યાત્મિક સાહસ થકી શાંતિનો અનુભવ મેળવે છે. ગુજરાત સરકાર પણ દર વર્ષે યોજાતી ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાને ભવ્ય અને સુવ્યવસ્થિત બનાવવા માટે વિશાળ પાયે વ્યવસ્થાઓ કરે છે. આ વર્ષે આગામી ફાગણ વદ અમાસ ૧૯ માર્ચથી ચૈત્ર વદ અમાસ ૧૭ એપ્રિલ ૨૦૨૬ સુધી ચાલનારી આ ૩૦ દિવસીય નર્મદા પરિક્રમા માટે પણ રાજ્ય સરકાર તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આપેલા 'વિકાસ ભી, વિરાસત ભી' મંત્રને અનુસરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ગુજરાતમાં પણ ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓના સંરક્ષણ સાથે આધુનિક સુવિધાઓના વિકાસ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રીનાં સંવેદનશીલ નેતૃત્વતથા માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર નર્મદા પંચકોશી પરિક્રમા માટે એવી વ્યવસ્થાઓ ઊભી કરી રહી છે કે જેમાં શ્રદ્ધા, સુરક્ષા અને સુવિધા; તણેયનો સુમેળ જોવા મળશે.

રૂ. ૫.૪૧ કરોડના ખર્ચે હંગામી સુવિધાઓનું વ્યાપક વિસ્તરણ

નર્મદા પરિક્રમાર્થીઓની 'દુર્ગમ' યાત્રાને 'સુગમ' બનાવવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેંદ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિક્રસ બોર્ડ (જીપીવાયવીબી) દ્વારા પરિક્રમા દરમિયાન ઉમટનાર હજારો શ્રદ્ધાળુઓ ને આરામદાયક સુવિધાઓ ઉપલબ્ધ થાય; તે માટે અંદાજે રૂ. ૧૦ કરોડના ખર્ચે મોટા પાયેહંગામી તેમજ કાયમી માળખાકીય વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી રહી છે. શ્રદ્ધાળુઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૨૫–૨૬ માં નર્મદા પરિક્રમા માટે લગભગ રૂ. ૫.૪૧ કરોડના ખર્ચે હંગામી વ્યવસ્થાઓ વધુ મજબૂત બનાવવામાં આવી રહી છે. તેમાં વધારાના ડોમ શેલ્ટર, મોબાઈલ-ટોયલેટ, વોટર સ્ટેશન, મેડિકલ યુનિટ, 24×7 એમ્બ્યુલન્સ, લાઈટિંગ તથા ઈમર્જન્સી હેલ્પ પોઈન્ટ, વિશાળ વોટરપ્રૂફ ડોમ શેલ્ટર માં યાત્રાળુઓ માટે ખાટલા, ગાદલા, ઓશીકા, ખુરશીઓ અને બેઠકોની સાથેની બેઠકઅને વિશ્રામની વ્યવસ્થા રહેશે. સાથે; સ્નાનગૃહ, ચેન્જિંગ રૂમ અને કલોક રૂમની વ્યવસ્થા કરવામાં આવી રહી છે કે જેથી યાત્રાળુઓને કોઈ અગવડ ન પડે. પરિક્રમા માર્ગ પર શ્રદ્ધાળુઓની સુગમતા માટે સેવા કેન્દ્રો અને દુકાનો ઉભી કરવામાં આવી રહી છે.

સ્વચ્છતા, આરોગ્ય અને વ્યવસ્થાપનને ટોચની પ્રાથમિકતા

યાત્રાધામ બોર્ડ દ્વારા પરિક્રમા વિસ્તારને સ્વચ્છ અને આરોગ્યપ્રદ રાખવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. મહિલાઓ અને પુરુષો માટે અલગ હંગામી શૌચાલય, મોબાઈલ ટોયલેટ વાન અને સ્નાન સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. સતત પાણી પુરવઠો, ટ્રેનેજ અને કચરાના નિકાલ માટે સુવ્યવસ્થિત સવલતો ઉભી કરવામાં આવી છે. એક મહીનાની પરિક્રમા દરમિયાન હાઇસ્કીપિંગ ટીમો અનેક શિફ્ટોમાં કાર્યરત રહેશે કે જેથી પરિક્રમા વિસ્તાર સ્વચ્છ અને સુવ્યવસ્થિત રહે.

સુરક્ષા અને આધુનિક ટેકનોલોજી સાથે ક્લાઉડ મેનેજમેન્ટ

લાખો શ્રદ્ધાળુઓ ના આગમની શક્યતાને જોતા સુરક્ષા વ્યવસ્થા અત્યંત મજબૂત બનાવવામાં આવી છે. પોલીસ બૂથ, સુરક્ષા કેબિન અને વૉચ ટાવર ઉભા કરવામાં આવશે. તાલીમબદ્ધ સુરક્ષા કર્મચારીઓ અનેક શિફ્ટોમાં ફરજ બજાવશે. ભીડને નિયંત્રિત કરવા માટે વિવિધ પ્રકારની બેરિકેડિંગ વ્યવસ્થા તથા ઈન્ફારેડ (આઈઆર) અને રેડિયો ફ્રિકવન્સી આઈડેન્ટિફિકેશન (આરએફઆઈડી) આધારિત હેડ કાઉન્ટ સિસ્ટમદ્વારા યાત્રાળુઓની અવર-જવર પર આધુનિક ટેકનોલોજી દ્વારા નજર રાખવામાં આવશે.

લાઈટિંગ, કોમ્યુનિકેશન અને સર્વેલન્સની આધુનિક સુવિધાઓ

પરિક્રમા માર્ગ અને તમામ ઘાટોને પ્રકાશિત કરવા માટે વ્યાપક લાઈટિંગ વ્યવસ્થા કરાઈ રહી છે. સમગ્ર ૧૮ કિલોમીટરના માર્ગ પર એલઈડી અને ફ્લડ લાઈટ લગાવવામાં આવશે કે જેથી રાત્રિના સમયેપણ યાત્રાળુઓને સલામત અને સ્પષ્ટ માર્ગ મળી રહે. જાહેર ઉદ્ઘાષણાઓ માટે સાઉન્ડ સિસ્ટમ, વાયરલેસ કમ્યુનિકેશન અને સીસીટીવી સર્વેલન્સની વ્યવસ્થા રહેશે. ટેક્નિકલ ઓપરેટરો દ્વારા સમગ્ર વિસ્તારમાં સતત નજર રાખવામાં આવશે.

હવેકાયમી સુવિધાઓ પર ભાર: રૂ. ૫.૦૭ કરોડના ખર્ચે પરમાનન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર

રાજ્ય સરકારના સહકારથી યાત્રાધામ બોર્ડ હવે નર્મદા પરિક્રમાર્થીઓ માટે ધીમે ધીમે કાયમી સુવિધાઓ પર પણ વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. અત્યાર સુધી કુલ રૂ. ૫.૦૭ કરોડના ખર્ચે કાયમી સુવિધાના વિકાસ કાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે કે જે હવે પરિક્રમાર્થીઓ માટે કાયમી રાહતનો આધાર બનવા જઈ રહ્યા છે. તેમાં (૧) શ્રી મઢી દેવસ્થાન ખાતે લગભગ રૂ. ૯૯.૬૬ લાખના ખર્ચે પેવર બ્લોક પાથરે, પીવાના પાણીનો ટાંકો, સોલાર લાઇટ અને શૌચાલય બ્લોક (૨) શ્રી સિદ્ધટેકરી રામ કુંડ ખાતે રૂ. ૨૨૬.૯૩ લાખના કામો હેઠળ રિટેનિંગ વોલ, પરિક્રમાર્થી સુવિધા કેન્દ્ર, શૌચાલય, પીવાનું પાણી, યાત્રી નિવાસનું નવીનીકરણ, શેડ, ઈલેક્ટ્રિફિકેશન, બોરવેલ, સોલાર લાઇટ તથા ડ્રેનેજ સિસ્ટમનું નિર્માણ તેમજ (૩) શ્રી બલભલા કુંડ ખાતે લગભગ રૂ. ૧૪૮.૮૭ લાખના ખર્ચે પરિક્રમાર્થી સુવિધા કેન્દ્ર, શૌચાલય, પીવાનું પાણી, ઈલેક્ટ્રિફિકેશન અને પાથવે જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આમ; ગુજરાત સરકાર વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ અને નાયબ મુખ્યમંત્રી શ્રી ઋષિભાઈ સંઘવીના દિશા નિર્દેશ હેઠળ રાજ્યની સાંસ્કૃતિક-સનાતન પરંપરાઓને વધુમાં વધુ પ્રોત્સાહન આપી રહી છે.

•Printer/Publisher/Owner & Editor :Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028